CMYK

Website : www.rakhewaldaily.com  Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૫
તા.૦૪-૧૨-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૯  સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન: ડીસા ૧૫.૫ | અમદાવાદ ૧૭.૭ | ગાંધીનગર ૧૭.૦ | વડોદરા ૧૫.૪ | સુરત ૨૧.૬ | નલિયા ૧૪.૨

ચાંદી : ૩૯,૨૦૦  સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17  RNI No 20508/71  Facebook.com/rakhewal

રખેવાળ
ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતમાં ભાજપની હાલ આંધી ચાલી રહી છે : મોદી

## કોંગીની બુલેટ ટ્રેન લાવવા માટેની યોજના હતી પરંતુ સફળતા મળી ન હતી
## ગુજરાતને હુલ્લડોથી દૂર રાખવા મતદારો સાવધાન રહે તે જરૂરી છે : મોદી

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ રાઉન્ડમાં મતદાન પહેલા ઝંઝાવતી પ્રચાર જારી રાખ્યો હતો અને કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ દક્ષિણ ગુજરાતમાં ભરુચમાં જોરદાર પ્રચાર સાથે દિવસની શરૂઆત કરી હતી. મોદ બે દિવસના પ્રચાર અર્થે પહોંચ્યા બાદ સૌથી પહેલા ભરુચ સાથે તેમના કાર્યક્રમની શરૂઆત થઇ હતી. અલબત્ત નિર્ધારિત સમય કરતા મોડેથી મોદી સભા સ્થળે પહોંચ્યા હતા. ભરુચમાં ચૂંટણી પ્રચાર કરતા મોદીએ કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી વિભાજનની રાજનીતિ રમી રહી છે. મોદીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ભાજપની આંધી



ચાલી રહી છે. એક બટન દબાવવાથી ગુજરાતનું ભાગ્ય બદલાશે. મોદીએ ઉત્તર પ્રદેશ સ્થાનિક ચૂંટણીના પરિણામમાં કોંગ્રેસ પાર્ટીનો સંપૂર્ણ સફાયો થયા બાદ હવે ગુજરાતમાં નંબર છે તેવી વાત પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ કોંગ્રેસ પાર્ટીની કર્મ ભૂમિ રહી છે. ઉત્તર પ્રદેશમાંથી કોંગ્રેસના અનેક વડાપ્રધાનો રહી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટીને ઉત્તર પ્રદેશમાં હાર બાદ સમજાતુ નથી કે તેને ક્યાં જવું જોઈએ. ઉત્તર પ્રદેશમાંથી કોંગ્રેસને સફાયો થઇ ચુક્યો છે. કચ્છ અને દક્ષિણ ગુ-જરાતમાં ભાજપને લઈને લોકોનો જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ભાજપની આંધી જોવા મળી રહી છે. કોંગ્રેસે સરદાર સરોવર બંધની કામગીરીને અટકાવી હતી. ૨૦૧૮ સુધી નર્મદાના કિનારે સરદાર પટેલની મૂર્તિને નિર્માણ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવશે.

## વાવ મત વિસ્તારમાં આજથી શંકરભાઈનો હાઈ - ટેક પ્રચાર શરૂ

પાલનપુર

વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પ્રસાર પૂર જોશમાં ચાલી રહ્યો છે ત્યારે સરહદી વાવ મત વિસ્તારના લાંબા અંતરના પ્રવાસને પહોંચી વળવા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીએ ઉચ્ચત્તમ ટેકનોલોજીનો સહારો લીધો છે. ઉચ્ચત્તમ ટેકનોલોજીથી સજ્જ રથમાં ફરીને શંકરભાઈ મતદારોનો સંપર્ક કરશે, આ રથમાં લીફ્ટ દ્વારા છત પર જઈને પ્રવચન આપી શકાશે તેથી સ્ટેજની પણ જરૂર રહેશે નહી તે જ પ્રમાણે હાઈ ડીસ્ટન્સ ઓડીયો સિસ્ટમ, રાત્રી પ્રવાસ માટે હેલોજન લાઈટ, રથની અંદર મીટીંગ રૂમ, ટીવી, ડાઈનીંગ ટેબલ વિગેરે વ્યવસ્થા પણ હોવાને કારણે સમયની બચત થશે. હાઈસ્પીડ મીની લકઝરી બસમાં ઉપરોક્ત તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેના કારણે ઓછા



સમયમાં મહત્તમ મતદારો સુધી અને અંતરીયાળ ગામડાઓનો પ્રવાસ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે એક નંબરના બુથ માવસરીથી ૩૧૫ નંબરના બુથ રોઈટા સુધીનું અંતર ૧૧૦ કી.મી.અને દૈયપથી દુદોસણ સુધી ૯૦ કી.મી.ના વિસ્તારમાં કુલ ૧૭૩ ગામડાઓનો સંપર્ક આ હાઈ - ટેક પ્રચાર વાન મારફત થઈ શકશે.

વડગામનું રાજકારણ ગરમાયું...

## વડગામ બેઠક ઉપર જીજ્ઞેશ મેવાણીનો ભારે વિરોધ

**વિવિધ સમાજના યુવાનોના બનેલ 'યુવા એકતા સંગઠન' દ્વારા વડગામની એકતાને અખંડ રાખવા અપીલ**

પ્રતિનિધિ  છાપી

વડગામ બેઠક ઉપર અપક્ષ તરીકે દલિત યુવા નેતા જીજ્ઞેશ મેવાણીએ ઉમેદવારી નોંધાવતા બનાસકાંઠાનું રાજકારણ ગરમાવા સાથે વડગામ બેઠક 'હાઈ પ્રોફાઈલ' બની છે. જીજ્ઞેશ મેવાણીના વિરોધ અને સમર્થનમાં અનેક ગામમાં બેનરો લાગતા આ બેઠક ઉપર સમગ્ર રાજ્યની નજર હોવાનું જાણવા મળે છે. વડગામ બેઠકમાં કોંગ્રેસ પ્રેરિત અપક્ષ ઉમેદવાર જીજ્ઞેશ મેવાણીને

અનુસંધાન પાના નં.૬



સુરેશ અગ્રવાલ

### આતંકવાદી ફંડને લઈ ગોળ ગોળ જવાબ

વડગામ બેઠક ઉપર અપક્ષ ચૂંટણી લડી રહેલા દલીતનેતા જીજ્ઞેશ મેવાણી દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન રવિવારે કાણોદર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જીજ્ઞેશ મેવાણી દ્વારા વડગામના અનેક વણ ઉકેલ્યા કામો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જોકે ચૂંટણી ફંડના મુદ્દે પત્રકારોએ પૂછેલા સવાલના જવાબ આપતાં તેઓએ જણાવ્યું હતું કે લોક માધ્યમથી મારા બેંક એકાઉન્ટમાં ફંડ આવે છે. જોકે તાજેતરમાં ગુજરાત અને નર્મદા વિરોધી અરૂધંતી રોય દ્વારા રૂા.૩ લાખ જીજ્ઞેશ મેવાણીના ખાતામાં જમા થતા તેના વિશે પૂછતાં તેમણે કોઈપણ વ્યક્તિ મને ફંડ આપી શકે છે. તેમ જણાવ્યું હતું આ સંદર્ભે એક પત્રકારે સવાલ કર્યો હતો. કે આપના બેંક એકાઉન્ટમાં ચૂંટણી ફંડ પેટે પાકિસ્તાની આતંકવાદી ફંડ મોકલશે તો આ બાબતે આપ શુ કહેશો ? જેનો જવાબ ગોળ ગોળ આપતા હાલમાં ચૂંટણીનો માહોલ છે. આ બાબતે ચર્ચા ન કરીએ તો સારૂ તેમ જણાવ્યું હતું જેથી જીજ્ઞેશ મેવાણી કોઈપણ રાષ્ટ્ર વિરોધી તત્વો પાસેથી પણ ફંડ મેળવી ચૂંટણી જીતવા મક્કમ બન્યા હોય તેવું તાલુકાભરમાં ચર્ચાસ્પદ બનવા પામ્યું છે.

## ડીસામાં કોંગ્રેસ ઉમેદવારના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ડીસા

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈના એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ રોડ ઉપર પશુ બજારની સામે ચૂંટણી કાર્યાલયને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી વિપુલભાઈ શાહ અને શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

ડીસાના ધારાસભ્ય અને પંથકમાં આગવી લોક ચાહના ધરાવતા ગોવાભાઈ દેસાઈ



ભરત સુંદેશા

'રીપીટ' થતા કોંગ્રેસના હજારો કાર્યકરો અને સમર્થકોમાં ખુશાલી છવાઈ છે ત્યારે ડીસા ખાતે તેમના ચૂંટણી કાર્યાલયના શુભારંભ પ્રસંગે હાજર નયના બેન પઢીયાર, ગંગારામભાઈ સોલંકી,

અનુસંધાન પાના નં.૬

## ડીસા શહેરમાં વોર્ડવાઈઝ બેઠકોમાં ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યાને સ્વયંભુ આવકાર

ડીસા

ડીસાની પ્રજા કરફ્યુના એ લાચાર દિવસોને ભુલી નથી, જ્યારે સિંહનું બચ્ચું ઘેટા જેવું બિકણ બની જાય એમ ડીસાની પ્રજાએ સતત ભયમાં દિવસો કાઢયા હતા. એ દિવસોમાં જાનની પરવા કર્યાવગર અજબ ખુમારીથી સૌને મદદરૂપ થનાર શશીકાંતભાઈ પંડ્યા ૩૫ વર્ષની રાજકીય કેરીયર બાદ ડીસામાં વોર્ડ વાઈઝ જાહેર મીટીંગો અને ઘરે ઘરે મત માંગવા નીકળ્યા છે ત્યારે પ્રજાને એક હર્ષ થાય છે કે ડીસાને એક સાચો નેતા ધારાસભ્યના રૂપમાં મળશે.



ભરત સુંદેશા

રાત્રે વોર્ડવાઈઝ મીટીંગોમાં જ્યાં પણ મીટીંગ થાય. ઈન્દીરા નગર, રેલ્વે સ્ટેશન, કચ્છી કોલોની, અંબિકાચોક હોય કે વેલુનગર,

અનુસંધાન પાના નં.૬

### ડીસા શહેરમાં આજે સોમવારે ભાજપનો પદયાત્રા દ્વારા લોક સંપર્ક

ડીસા શહેરમાં આજે તા.૪/૧૨/૨૦૧૭ ને સોમવારે ડીસા શહેર ભાજપ દ્વારા મતદારોનો લોકસંપર્ક કાર્યક્રમ પદયાત્રા દ્વારા યોજાશે. કાર્યક્રમનો મંગલ પ્રારંભ બપોરે ૨.૦૦ કલાકે થશે. જેમાં જોડાવા પ્રજાને જણાવાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભવ્ય આયોજન થયેલ છે. આ પદ યાત્રામાં ભાજપ, ઉમેદવાર શશીકાંતભાઈ સાથે શહેર, તાલુકા, જિલ્લાના અનેક નેતાઓ જોડાશે.

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ. સજનબેન જીભાભાઈ ખટાણા
સ્વ.તા.૪-૧૨-૨૦૧૬

સમય જીંદગીનો ઓછો હશે
ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે
ક્યાં ખબર હતી, પ્રભુ તમારા દિવ્ય
આત્માને ચિર શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

ખટાણા કુરસીભાઈ જીભાભાઈ - પુત્ર
ખટાણા પાંચાભાઈ જીભાભાઈ - પુત્ર
ખટાણા અમરતભાઈ જીભાભાઈ - પુત્ર
ખટાણા સુરેશભાઈ પાંચાભાઈ - પૌત્ર
ખટાણા કિરણભાઈ કુરસીભાઈ - પૌત્ર
ખટાણા કેસરભાઈ કુરસીભાઈ - પૌત્ર
ખટાણા સહારભાઈ અમરતભાઈ - પૌત્ર
ખટાણા નરેન્દ્રભાઈ સુરેશભાઈ - પ્રપૌત્ર

દેસાઈ [illegible] (ભવાણ) ભાણેજ
દેસાઈ [illegible] (ભવાણ) ભાણેજ
દેસાઈ સુરેશભાઈ કાંનાભાઈ [illegible] ભાણેજ
દેસાઈ [illegible] કાંનાભાઈ [illegible] ભાણેજ
દેસાઈ કાંનાભાઈ ગોવાભાઈ [illegible] ભાણેજ
દેસાઈ નરસિંહભાઈ ગોવાભાઈ [illegible] ભાણેજ
દેસાઈ નરસિંહભાઈ [illegible] ભાણેજ
તથા સમસ્ત ખટાણા પરિવાર - [illegible]







CMYK

**સૂર્યોદય - ૭.૦૯ સૂર્યાસ્ત - ૫.૫૩**

## તિથિદર્શન
માગસર વદ-૧ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ :એકમ સોમવાર નક્ષત્રઃ મૃગશીર્ષ રાત્રે ૩.૨૧ પછી આર્દ્રા યોગ : સાધ્ય કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) સાંજે ૪.૫૧ પછી મીથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્ફુટમ્ દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન- આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

## શુભલગ્ન

-સુરત નિવાસી દોશી મહેન્દ્રકુમાર જયંતિલાલની સુપુત્રી ચિ. સિલ્કી (પૂજા) ના શુભલગ્ન અલકાબેન પ્રકાશકુમાર શેઠના સુપુત્ર ચિ. પાર્થકુમાર સાથે તા. ૨૫/૧૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

-ડીસા નિવાસી રમેશચંદ્ર મફતલાલ દોશીના સુપુત્ર ચિ. ઉદયના શુભલગ્ન ભરતકુમાર વાઘજીભાઈ વોહેરાની સુપુત્રી ચિ.સિધ્ધિ સાથે તા. ૨૫/૧૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- અમદાવાદ નિવાસી અરવિંદભાઈ હેમચંદદાસ પંચાલના સુપુત્ર ચિ.જીગરના શુભલગ્ન કાન્તીભાઈ ગુલાબચંદ પંચાલની સુપુત્રી ચિ.પૂજા સાથે તા. ૨૬/૧૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

-ડીસા નિવાસી કીરીટકુમાર છોટાલાલ ધરૂની સુપુત્રી ચિ.સ્વેનીના શુભલગ્ન મોરખીયા સંગીતાબેન દિનેશકુમારના સુપુત્ર ચિ.જીગરકુમાર સાથે તા. ૨૯/૧૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- પાટણ નિવાસી (હાલ ડીસા) રાજેશકુમાર જયંતિલાલ ત્રિવેદી(બનાસબેંક) ની સુપુત્રી ચિ.કિંજલના શુભલગ્ન ચંદ્રમાણા નિવાસી (હાલ પાલનપુર) મુકુંદભાઈ તુળજાશંકર વ્યાસના સુપુત્ર ચિ.જીગરકુમાર સાથે તા. ૨૩/૧૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

કટાક્ષ ચિત્ર 'મિકી માઉસ' ના સર્જક વોલ્ટ ડિઝનીની જન્મ જયંતી છે. એમનો જન્મ તા. ૪-૧૨-૧૯૦૧ ના રોજ અમેરિકાના શિકાગો નગરમાં થયો હતો. નાનપણથી જ એમને ચિત્રકળામાં રસહતો અને ઘેર બેઠા તેઓ સુંદર રેખાંકનો કરતા હતા.

'ડિઝનીલેન્ડ' ના આ અમર સર્જકને ઈ.સ.૧૯૨૮માં એમના કાર્ટૂન પાત્ર મિકી માઉસે આંતરરાષ્ટ્રીય પ્રસિધ્ધ અપાવી હતી. ઈ.સ. ૧૯૫૩માં તેમને દુનિયામાં શુભેચ્છા પ્રસારની એક નવી કલાના સર્જન માટે 'ફ્રેન્ચ લીજિયન ઓફ ઓનર' અપાયો. આ જ વર્ષે તેમની પહેલી સળંગ ફિલ્મ 'સ્નો વ્હાઈટ' પ્રગટ થઈ. ડિઝનીને મોશન પિકચર અકાદમીનું ઈનામ પ્રાપ્ત થયું. આ મહાન કલાકારનું ૬૬ વર્ષની વયે ઈ.સ. ૧૯૬૭માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**
કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ**
આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન**
આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક**
આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ**
આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા**
આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા**
આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક**
આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન**
આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર**
આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ**
આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન**
આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ડીસા મદની હોસ્પિટલમાં સાર્વજનિક રોગ નિદાન કેમ્પ યોજાયો



### ૩૦૦ થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો

પ્રતિનિધિ રાજપુર

ડીસા રાજપુર પોલીસ ચોકી પાસે આવેલ ડીસા સમાજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મદની હોસ્પિટલમાં ચામડીના તથા પ્રસુતિ રોગોનો નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરના નિષ્ણાંત ચામડીના ડૉ.આર.ડી.નાગોરી તથા સ્ત્રી પ્રસુતિ રોગના નિષ્ણાંત ડૉ.મકસુદા નાગોરીએ સેવા આપી હતી. જે કેમ્પમાં ૩૧૩ દર્દીઓને મફત નિદાન, સોનોગ્રાફી, લેબોરેટરી તથા દવા આપવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા પ્રમુખ ડૉ.સલીમ શેખ (પાલનપુર) તથા ગનીભાઈ ઠેકેદારે ભારે જહેમત ઉઠાવી હતી.કેમ્પમાં ખડેપગે સેવા આપનાર મદની હોસ્પિટલના ઈકબાલભાઈ શેખ, સતારભાઈ શેખ, સમીરભાઈ મેમણ, નસરીનબેન, સલમાબેન ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં ડીસા તથા આજુબાજુના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ પધારીને નિદાન કરાવ્યું હતું.

# ડીસાની સ્કાય ઈન્ટરનેશનલ સ્કૂલમાં કરાટે ટુર્નામેન્ટ યોજાઈ


ભરત સુંદેશા

ડીસા

ડીસાની સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કૂલ અને કરાટે પરિવાર બનાસકાંઠા દ્વારા કરાટે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ સ્કૂલોના ૩૦૦ જેટલા વિધાર્થીઓએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

પ્રાથમિક શાળના વિધાર્થીઓમાં શિક્ષણની સાથે તેમનામાં રહેલી રમત ગમત ની કૌશલ્ય શક્તિ ખીલે તે માટે બનાસકાંઠા કરાટે પરિવાર દ્વારા વિવિધ જગ્યા એ ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં ડીસા ખાતે રવિવારે સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કૂલમાં બનાસકાંઠા કરાટે પરિવાર ના સહયોગથી ખેલ મહોત્સવ અંતર્ગત કરાટે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જે અંતર્ગત જિલ્લાની વિવિધ શાળાઓ માંથી ૩૦૦ જેટલા વિધાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.કરાટે રમત અંતર્ગત જિલ્લા કોચ તેમજ શાળાના કોચ દ્વારા વિધાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં કોચ જયેશ પ્રજાપતિ, શૈલેષ જોષી, દીપક શર્મા,ભાવેશ પ્રજાપતિ, સહિત સ્કૂલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના રાજપુરની મહિલા સાથે યુવકે દુષ્કર્મ આચર્યું

**મજાક મસ્તી કરતા કરતા બળજબરી કરી : ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોધાઈ**

ડીસા

ડીસાના રાજપુરની મહિલા સાથે આ જ વિસ્તારમાં રહેતા યુવકે મજાક મસ્તી કરતા કરતા તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ આચરતા મહિલાએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે, ડીસાના રાજપુર વિસ્તારમાં રહેતી મહિલા તેના ઘરે હતી હતી. આ દરમ્યાન રાજપુર વિસ્તારમાં જ રહેતો અને ઓળખીતો વાસુભાઈ સિંધી તેણી ના ઘરે આવ્યો હતો. તે સીધો રૂમનો દરવાજો ખોલી તેના ઘરમાં જઈ મહિલા સાથે મજાક મસ્તી કરવા લાગ્યો હતો.જોકે ત્યાં સુધી મહિલાએ કોઈ વિરોધ ન કરતા યુવકે મહિલા સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું.

જેથી મહિલાએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વાસુભાઈ સિંધી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં વિજય રૂપાણીનો રોડ શો યોજાયો : હાર્દિક પટેલ પર પ્રહાર

સુરત

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને સુરતમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓની મોટી ફોજ ઉતરી પડી છે. સુરત ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ચુક્યું છે ત્યારે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરતમાં રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રૂપાણી સવારે ખુલ્લી જીપમાં રોડ શોમાં નિકળ્યા હતા. લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રૂપાણીએ આ વખતે કહ્યું હતું કે, ભાજપ ૧૫૦થી પણ વધુ બેઠકો પાર કરી જશે અને શાનદાર જીત મેળવશે. પાટીદાર આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલ ઉપર પ્રહાર કરતા રૂપાણીએ કહ્યું હતું કે, હાર્દિક હવે ખુલ્લો પડી ગયો છે. તેને અનામતમાં કોઈ રસ નથી. પાટીદાર સમાજના લોકો પણ હાર્દિકને સારીરીતે ઓળખી ગયા છે. પાટીદાર સમાજના લોકો ભાજપની સાથે જ રહેશે. તેમણે દાવા સાથે કહ્યું હતું કે, રોડ શોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો જોડાયા છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો મજુરા વિધાનસભામાં રોડ શો યોજાયો હતો. રોડ શો દરમિયાન અલગ અલગ જગ્યા પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સરગમ શોપિંગ સેન્ટર ખાતેથી રોડ શોની શરૂઆત થઈ હતી. ત્યારબાદ રૂપાણીનો રોડ શો મહેશ્વરી ભવન, બેંક ઓફ બરોડા સર્કલ થઈને કેનાલ રોડથી ભટાર રોડ તરફ ગયો હતો. ભટાર રોડ પર આવેલા ફાયર સ્ટેશન પાસે રોડ શોની પૂર્ણાહૂતિ થઈ હતી. રૂપાણીએ કહ્યું હતું કે, સુરતના લોકો ભાજપને પસંદ કરે છે.

હાર્દિક પટેલ હવે ખુલ્લા પડી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, અનામતને લઈને ગેરમાર્ગે દોરવાનું કામ હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. બીજી બાજુ આવતીકાલે ભાજપના વરિષ્ઠ નેતાઓ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે. અમિત શાહ ચાર જાહેસભાઓને સંબોધન કરનાર છે જેમાં દક્ષિણ ગુજરાત અને કચ્છની બેઠકોમાં ચૂંટણી પ્રચાર કરશે. બારડોલી, જલાલપોર, ગણદેવી ખાતે સંબોધન કરનાર છે. પુરુષોત્તમ રૂપાલા, પરેશ રાવલ, રૂપાણી પણ જુદા જુદા રોડ શો કરનાર છે. આવતીકાલે વિજય રૂપાણી અમદાવાદ શહેરમાં રોડ શો કરશે જેમાં નરોડા વિધાનસભા અને દાણીલીમડા વિધાનસભાનો સમાવેશ થાય છે. પરેશ રાવલ પણ સભા કરનાર છે. સ્મૃતિ ઈરાની પણ આજે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા.

**ધનકચરાના નિકાલથી ત્રસ્ત...**

# જુનાડીસાના ગ્રામજનો ભૂખ હડતાલ ઉપર ઉતરશે

### તંત્રના ભેદભાવભર્યા વલણથી ગ્રામજનોમાં આક્રોશ



ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામે પ્રાણ પ્રશ્ન ઘન કચરાના નિકાલ માટે કલેક્ટરને આવેદનપત્ર આપી ચૂંટણી બહિષ્કારનું એલાન આપવા છતાં કોઈ પગલા ન ભરાતા ઉશ્કેરાયેલા ગ્રામજનોએ ફરી કલેક્ટરને આવેદનપત્ર આપી ભૂખ હડતાલ ઉપર ઉતરવાનું આખરી 'અલ્ટીમેટમ' આપવાનો નિર્ણય લીધો છે.

જુનાડીસા ગામના પવિત્ર ગંગાજી વ્હોળામાં તત્કાલિન કલેક્ટરે સરકારના તમામ નિતિ નિયમો નેવે મુકી ડીસા પાલિકાને ઘન કચરાના નિકાલ માટે ૧૦ એકર જમીન ફાળવી દીધી છે. જ્યાં ઘન કચરા સાથે પ્રતિબંધિત મેડીકલ વેસ્ટ અને મૃત પશુઓના હાડકા પણ નંખાય છે. જે કચરો સળગાવતા પારાવાર પ્રદુષણ થાય છે. જેની નજીક રહેતા અનેક પરિવારો વિવિધ રોગના ભોગ બન્યા છે. જ્યારે ગામ માથે ગંભીર રોગચાળાનું સંકટ સર્જાયું છે. જેથી ગ્રામજનોએ ઘન કચરા નિકાલ સમિતિના નેજા હેઠળ આ પ્લાન્ટ હટાવવા આદોલન છેડ્યું છે. જેના ભાગરૂપે ૧૫ દિવસ અગાઉ કલેક્ટરને આવેદનપત્ર આપી સામુહિક મતદાનના બહિષ્કરની ચિમકી આપી હતી. તેથી અધિકારીઓએ દોડી આવી વર્ષોથી બંધ પડેલા પ્લાન્ટને શરૂ કરાવ્યો હતો પરંતુ બે કે ત્રણ દિવસ બાદ ફરી રાબેતા મુજબ કચરો સળગાવવાનું શરૂ થઈ ગયું છે. જેથી લાલઘૂમ બનેલા ગ્રમજનો ગઈકાલે રવિવારે હનુમાન મંદિરમાં એકઠા થયા હતા અને એક સુરે તંત્રની ઊંઘ ઉડાડવા છેક ટ્રીબ્યુનલ સુધી લડવા એકમત થઈ હાલમાં ઘન કચરાનો નિકાલ બંધ કરાવવા કલેક્ટરને ફરી આવેદનપત્ર આપી ભૂખ હડતાલ ઉપર ઉતરવાનો સાહુમિક નિર્ણય લીધો હતો.

આ બેઠકમાં ભીખાભાઈ પઢિયાર, દિલીપભાઈ બારોટ, યાસિનકાકા ચૌહાણ, સરપંચ બબાભાઈ દેસાઈ, ડે.સરપંચ ફારૂકભાઈ દાણી, ગોપાળભાઈ મોદી, અસલમ ધાસુરા, વસીમ ચાવડા, ઈદ્રીસ ધાસુરા, શ્રવણભાઈ અનાવાડીયા, ડેલિગેટ દિનેશભાઈ પેન્ટીંગ, બાબુભાઈ બારોટ, શાંતિલાલ બારોટ, મુન્નાભાઈ ભાટીયા, મહેન્દ્રભાઈ અનાવાડીયા, જીવણ છત્રાલિયા કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ ગોહિલે કર્યું હતું.

# કાંકરેજ તાલુકાના ચેખલા ગામે જોગણી માતાજીનો હવન


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

ચેખલા ગામે તળાવની પાળ ઉપર આવેલ ૩૦૦ વર્ષ જુના મંદિર પરિસરમાં જોગણી માતાજીનો હોમ હવન યોજાયો હતો. જે યજ્ઞ જગુદણ નિવાસી ઠાકોર જાબીબેન લક્ષ્મણજી તથા તેમના પુત્રો દિનેશજી ઠાકોર, રમેશજી ઠાકોર, શૈલેશજી ઠાકોર દ્વારા યોજાયો હતો. જેમાં ચેખલા ગામના ઠાકોર અગ્રણી પ્રહલાદજી જવાજી કિર્તિજી ઠાકોર (હોટેલ આશીર્વાદ) તેમજ ડેલીગેટ સારજીજી,, બલવંતજી દૂધેચા, ચેખલા સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ધર્મપ્રેમીજનતા હાજર રહી હતી. જે મંદિરના પૂજારી ગૌસ્વામી લીલવન કનુવન તથા યજ્ઞના શાસ્ત્રી પંડીત લાલાભાઈ હરગોવનભાઈ દ્વારા મંત્રોચ્ચાર કરી હવનમાં યજમાન દિનજી ઠાકોર દ્વારા આહુતિ આપવામાં આવી હતી. જવ-તલ- ઘીની આહુતિ આપી ગ્રામજનોને ભાવતું ભોજન તેમજ પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. આમ જોગણી માતાના મંદિરમાં ઠાકોર પરિવાર જગુદણ દ્વારા હોમ-હવન યોજાતા મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન સાથે ભોજનનો લ્હાવો લીધો હતો. માગસર સુદ-૧૫ના હવનનો મહિમા ખુબ મોટો ગણાય છે.

# વાવ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરનો શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

તાલુકા પ્રતિનિધિ વાવ

બ.કાં જિલ્લા દલિત સંગઠન વાવ એકમના અગ્રણી નરસિંહભાઈ હેમાણીએ અખબારી નિવેદનમાં જણાવ્યા અનુસાર આગામી તા. ૬/૧૨/૧૭ ને બુધવારના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરના નિર્વાણદિન નિમિત્તે વાવ ખાતે આવેલી શ્રેયસ નવજીવન આશ્રમ( મામલતદાર કચેરી પાછળ) સવારે ૧૦:૦૦ કલાકે શ્રદ્ધાંજલી કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ છે. જે પ્રસંગે બાબાસાહેબની છબીને ફુલહાર, દીપ પ્રાગટ્ય કરી તેમના જીવન ચરિત્ર વિશે ચર્ચા વિચારણા કરાશે. આ પ્રસંગે ભીમ સૈનિકોએ આગામી તા. ૬/૧૨/૧૭ ને બુધવારના રોજ ૧૦:૦૦ કલાકે વાવ ખાતે આવેલ શ્રેયસ નવજીવન આશ્રમ ખાતે ઉપસ્થિત રહેવા બ.કાં.જિલ્લા દલિત સંગઠન વાવ એકમના મિત્રોએ અનુરોધ કરેલ છે.

# રાહુલ પાંચમીથી ઝંઝાવતી પ્રચાર કરશે : તૈયારી જારી

અમદાવાદ

સૌરાષ્ટ્રનો પ્રચાર કાર્યક્રમ પૂર્ણ કરી દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પ્રથમ તબક્કાના આખરી સમયમાં તા.૫થી ૭ ડિસેમ્બર દરમ્યાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. રાહુલ ગાંધી આ ત્રણ દિવસમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં તેમ જ પ્રથમ તબક્કાની બાકી રહેલી વિધાનસભા બેઠકોના ક્ષેત્રોમાં પ્રચાર કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૫મી ડિસેમ્બરે બપોરે ૧૨-૩૦ વાગ્યે ગાંધીધામ એરપોર્ટ પર ઉતરાણ કરશે, જયાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ સીધા તેઓ અંજાર ટાઉન હોલ ગ્રાઉન્ડ ખાતે પહોંચશે અને ત્યાં વિશાળ જાહેરસભા સંબોધન કરશે. બપોરે ૨-૨૦ મિનિટે ગાંધીધામથી તેઓ હેલિકોપ્ટર મારફતે મોરબી જવા રવાના થશે અને ત્રણ વાગ્યે મોરબીમાં પાર્ક પાર્ટી પ્લોટ ખાતે જનસભા સંબોધશે. ચાર વાગ્યે તેઓ મોરબીથી સીધા ધ્રાંગધ્રા પહોંચશે. સાંજે ૪-૪૫ વાગ્યે ધ્રાંગધ્રા જનતા કોલન ફેકટરી ગ્રાઉન્ડમાં જાહેરસભા સંબોધી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. સાંજે ૫-૪૫ વાગ્યે ધ્રાંગધ્રાથી લક્ઝરી બસ મારફતે વઢવાણ પહોંચશે અને સાત વાગ્યે વઢવાણ ગવર્મેન્ટ સાયન્સ કોલેજ ખાતે વિશાળ જાહેરસભા સંબોધન કરશે અને સ્થાનિક લોકો તેમ જ મતદારોની સમસ્યાને વાચા આપશે. રાહુલ ગાંધી તા.૫મી ડિસેમ્બરની રાત્રિ સુરેન્દ્રનગર ખાતે જ રોકાણ કરશે. તાજેતરમાં સૌરાષ્ટ્રનો પ્રચાર કાર્યક્રમ પૂર્ણ કરી દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ત્રણ દિવસ દરમ્યાન તેમની ગુજરાત મુલાકાત અને પ્રચારસભાઓ તેમ જ લોકસંવાદ દરમ્યાન સ્થાનિક જનતા, મતદારો ખાસ કરીને મહિલાઓ, ખેડૂતો અને યુવાઓની વ્યથા સાંભળશે. આ વખતે પણ રાહુલ ફરી એકવાર નોટબંધી, જીએસટી,

**અનુસંધાન પાના નં.૬**

# ચિત્રાસણીમાં રમતા બાળક ઉપર ટ્રેકટર ફરી વળતા મોત



પાલનપુર

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં ઘરના આંગણામાં રમી રહેલા બાળક પર ટ્રેકટર ફરી વળતા તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બાળકના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં રહેતા કાનજીભાઈ પટણીનો ૧૦ વર્ષીય પુત્ર કલ્લુભાઈ રવિવારે સાંજે તેના ઘરના આંગણામાં રમતો હતો. દરમિયાન પૂરઝડપે આવેલા ટ્રેકટર ચાલકે તેને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં બાળકનું કમકમાટીભર્યું મોત નીપજયું હતું. જેના મૃતદેહને પોષ્ટમોર્ટમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતને પગલે ગામમાં અરેરાટી પ્રસરી ગઈ હતી.

## થરાદ વિધાનસભામાં ચૌધરી સમાજનું પ્રભુત્વ

# ઠાકોર, દલિત અને મારવાડી પટેલ સમાજના મતો નિર્ણાયક

### આ વખતે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે ત્રિપાંખિયો ચૂંટણી જંગ





ડીસા

બનાસકાંઠા જિલ્લાની સરહદ થરાદ વિધાનસભા બેઠક ઉપર ચૌધરી સમાજનું પ્રભુત્વ રહેલું છે. પરંતુ ઠાકોર, દલિત અને મારવાડી પટેલ સમાજના મતો ચૂંટણીના પરિણામમાં નિર્ણાયક ગણાય છે. આ બેઠક ઉપર અગાઉ કોંગ્રેસના હેમાભાઈ રાજપુતનો અને હાલમાં ભાજપના પીઢ અગ્રણી પરબતભાઈ પટેલનો દબદબો રહેવા પામ્યો છે. ગત ૨૦૧૨ ની ચૂંટણીમાં છ ઉમેદવારો પૈકી ભાજપના પરબતભાઈ સવાજી પટેલને ૬૮૫૧૭ મત અને કોંગ્રેસના માવજીભાઈ ચત્રાભાઈ પટેલને ૬૫૦૪૪ મત મળ્યા હતા. તેથી ભાજપનો માત્ર ૩૪૭૩ મતની પાતળી સરસાઈથી વિજય થયો હતો. જેમાં અપક્ષ ઉમેદવાર શાંતિભાઈ ભગાભાઈ ઝેરડીયાને મળેલા ૧૪૦૭૪ મત નિર્ણાયક પુરવાર થયા હતા. અપક્ષ ઉમેદવાર ભગવાનભાઈ બ્રાહ્મણને પણ ૭૪૧૪ મત મળ્યા હતા. આ વખતે ૨૦૧૭ ની ચૂંટણીમાં ભાજપે પોતાના પીઢ આગેવાન પરબતભાઈ પટેલને ફરી 'રીપીટ' કર્યા છે. ત્યારે કોંગ્રેસે સરહદી પંથકમાં વર્ચસ્વ ધરાવતા

અનુસંધાન પાના નં.૬

**મતદારોનું વર્ગીકરણ**

| | | |
|---|---|---|
| ચૌધરી-૭૪,૨૫૨ | ગોસ્વામી- ૩,૪૨૫ | બારોટ-૭૮૨ |
| બ્રાહ્મણ-૮૨૧૮ | દરજી-૨,૧૨૮ | યોગી રાવળ-૩૬૫ |
| ઠાકોર- ૨૮,૫૬૬ | નાઈ-૨,૯૪૫ | સુથાર-૩,૦૫૫ |
| મુસ્લિમ-૬૬૮૯ | પંચાલ-૩,૨૨૬ | દેવીપુજક-૧૪૫ |
| દલિત-૨૫,૨૬૨ | રાજપુત-૯,૧૨૭ | મારવાડી પટેલ- |
| આદિવાસી-૩,૭૭૫ | માળી- ૪,૨૦૫ | ૨૦,૮૯૨ |
| પ્રજાપતિ-૯,૪૨૨ | જૈન-૭૮૨ | અન્ય-૧૦,૦૧૯ |
| રબારી-૧૩,૮૯૬ | પાલવી દરબાર-૪,૦૫૮ | કુલ-૨,૦૮,૧૭૨ |
| મોદી-૭૫૨ | સોની-૨,૧૮૬ | |

## ધાનેરા વિધાનસભા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનો આજનો લોકસંપર્ક



તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વિધાનસભા સીટના ઈન્ચાર્જ ગીરધરભાઈ ભીમાણી એક અખબારી યાદીમાં જણાવે છે કે ધાનેરા વિધાનસભા સીટના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનો આજે તા. ૪ ડિસેમ્બરને સોમવારનો લોકસંપર્ક કાર્યક્રમ સવારે ૯-૦૦ કલાકે સરાલ, ૯-૩૦ સરાલ વીડ, ૧૦-૦૦ યાવરપુરા ખેડા, ૧૧-૦૦ જોરાપુરા, ૧૨-૦૦ સાંકડ, ૧૨-૩૦ ધાનેરા માજીરાણા સમાજ સંમેલન(હિરાણી પાર્ટી પ્લોટ) ૧-૦૦ આશીયા, ૧-૩૦ સામરવાડા, ૨-૦૦ સીલાસણા, ૩-૦૦ છીડીવાડી, ૩-૩૦ કુમર, ૪-૦૦ વોડા, ૫-૦૦ રામપુરા મોટા, ૬-૦૦ સોતવાડા, ૭-૦૦ ફતેપુરા ગામમાં લોકસંપર્ક કરશે. જેમાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરો સહિત આગેવાનો અને ગ્રામજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## જ્ઞાતિવાદ, વંશવાદ અને ધનાઢ્યતાનું વાવાઝોડું ચૂંટણીમાં મહત્વનું પરિબળ

**રાજકીય પક્ષો જ અપક્ષોનું પીઠબળ : ચૂંટણીમાં મુખ્ય મુદ્દા ભુલાવી દેવાયા**




યશપાલસિંહ ટી.વાઘેલા

વંશવાદ- જ્ઞાતિવાદ ધનાઢ્યતા બાબતે પોતાનો પક્ષ બહુ સ્પષ્ટ છે. આવી સુફીયાણી ભાષણબાજીમાં કયો પક્ષ કેટલો સાચો- ખોટો છે તે હવે પ્રજાને ખબર પડી ગઈ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ સૌનો સાથ સૌનો વિકાસ તો બીજી બાજુ જ્ઞાતિવાદ આવા શબ્દો પ્રજાને શા માટે સંભળાવતા હશે. આ લોકસેવકો શું જ્ઞાતિવાદ- વંશવાદથી પર છે. આ ચૂંટણી ટાણે પ્રજાની હમદર્દ થવા ઈચ્છતી ''ઠ'' ટોળકી આ વખતે ઈવીએમ વીવીપેટથી મતદાન થશે ને તે બાબતે થોડું આપણે લખ્યું ગઈકાલે જ્ઞાતિવાદ- વંશવાદ ક્યાં? તો ઉત્તર ગુજરાતમાં આગામી ૧૪ મી ડિસેમ્બર ચૂંટણી મતદાન યોજાશે. આ વિસ્તારમાં લગભગ ભાજપ- કોંગ્રેસ વચ્ચે જ સીધો ચૂંટણી જંગ ખેલાશે. ક્યાંક છ સાત બેઠકો પર ત્રિપાંખીયો જંગ છે. જેથી પાછળ કોણ કેટલું કામ કરી રહ્યું છે? તે પ્રજા જાણે જ છે. જ્ઞાતિવાદની વાત કરીએ તો મહેસાણા જિલ્લાની સાત બેઠકો પર ૧૦૦ ઉમેદવારો, બનાસકાંઠા જિલ્લાની ૯ (નવ) બેઠકો પર ૭૦, પાટણની ચાર બેઠકો પર ૫૪ સાબરકાંઠાની ચાર બેઠકો પર ૩૭ અરવલ્લી જિલ્લાની ત્રણ બેઠકો પર ૨૧ ઉમેદવારો મળી કુલ ૨૮૨ ઉમેદવારો ચુંટણી જંગમાં છે. ઉત્તર ગુજરાતની આ ૨૭ વિધાનસભા બેઠકમાં જ્ઞાતિવાર જોઈએ તો પટેલ ૫૬, ઠાકોર- ૪૫, ચૌધરી-૦૯, એસ.સી. ૫૪, રાજપુત-૨૬, પ્રજાપતિ- ૦૮, એસ.ટી.૨૫, બ્રાહ્મણ-૦૮, દેસાઈ -૦૬ તેમજ અન્ય ૪૫ નો સમાવેશ થાય છે. ભાજપ- કોંગ્રેસ બંને પક્ષમાં જ્ઞાતિવાદ વંશવાદને ધનાઢ્યતાનું વાવાઝોડું પ્રબળ જોવા મળે જ છે. મતદારોને ઉલ્લુ બનાવવા માટે ભલે ભાષણબાજીમાં સફાઈ થતી હોય પણ છેવટે તો આ લોકશાહીના લોકસેવકોને મોંઘવારી બેકારીમાં રીબાતી પ્રજાની વેદના સાંભળવી ગમતી નથી. ચૂંટણી ઢંઢેરો હજુ સુધી હવામાં છે. પ્રજાને ખૂણીએ ગોળ લગાડવો કેવો ઉમેદવારની પસંદગીની જેમ આ પ્રશ્ન પણ મુંઝવી રહ્યો છે. પ્રથમ તબક્કાના મતદાન આડે હવે માત્ર ગણ્યા- ગાંઠ્યા દિવસ જ રહ્યા છે. છતાં ઢંઢેરાનું કંઈ નામ નથી. આ લોકસેવકો ચૂંટણી કાર્ડને આધારકાર્ડ સાથે લીંક થયેલું હશે તો જ મતદાન થશે. આવું ક્યાંય બોલતા સાંભળ્યા છે? મોંઘવારી ઘટાડવા ટેક્સ ઓછા કરીશું બેકારી ઘટાડવા વ્યક્તિ શ્રમને પ્રાધાન્ય આપીશું છે ક્યાંય આવી વાત મંદિર- મસ્જિદને નાક પર ડુચાની વાતો છે. ઉત્તર પ્રદેશમાં આવી તો ગુજરાતમાં ય આવશે પણ પ્રજાનું શું? મોંઘવારી - બેકને ચૂંટણીકાર્ડ આધારકાર્ડના લગ્ન ક્યારે કરાવશો જરા બોલોને ?

## થરાદમાં માજીરાણા સમાજનું પરબતભાઈ પટેલને સમર્થન



### સમસ્ત માજીરાણા સમાજની સભા યોજાઈ

પ્રતિનિધિ થરાદ

થરાદ ખાતે સમસ્ત માજીરાણા સમાજની સભા યોજાઈ હતી. જેમાં સમાજના આગેવાનોએ ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલને પાઘડી પહેરાવી સમર્થન વ્યક્ત કર્યુ હતું.

થરાદના ધારાસભ્ય અને પીઢ આગેવાન પરબતભાઈ પટેલે તમામ સમાજના લોકોના કામ અને મત વિસ્તારના તમામ ગામોમાં વિકાસ કામો કરી ભાજપનું "સૌનો સાથ સૌનો વિકાસ" સુત્ર સાચા અર્થમાં સાકાર કર્યુ છે તેથી તેમને ગામડાઓમાં તમામ સમાજમાં આવકાર મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે થરાદ ખાતે નાની પાવડના સરપંચ વાઘાભાઈ, ઘેસડાના માજી સરપંચ બાબુભાઈ તથા કરશનભાઈ (ભાપી) અને પથુભાઈ (મહાજનપુરા) ની આગેવાની હેઠળ સમસ્ત માજીરાણા સમાજની સભા યોજાઈ હતી. જેમાં તમામ સમાજના આગેવાનોએ પરબતભાઈ પટેલનું પાઘડી પહેરાવી સમર્થન વ્યક્ત કર્યું હતું. આ સભામાં ઈસરાભાઈ (જાણદી), હેમજીભાઈ (માનપુર), મગનભાઈ (થરાદ), રામભાઈ (દોલતપુરા), રામજીભાઈ (વડગામડા), મફાભાઈ કાનજીભાઈ, જેમલભાઈ (ભોરડુ), ખેમાભાઈ (માંગરોળ), કેસરાભાઈ દેવસીભાઈ (કરનાળા), રાસનાભાઈ (માનપુર), આંબાભાઈ કાળાભાઈ (મલુપુર) વિગેરે સમાજના આગેવાનોએ પણ તેમનું સન્માન કરી જીતાડવાની ખાત્રી આપી હતી.

**કોંગ્રેસના ૧૦૦ થી વધુ લોકો ભાજપમાં જોડાયા**

## કાંકરેજ તાલુકાના આકોલી ગામે ભાજપની સભા યોજાઈ



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ વિધાનસભા-૧૫ ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાની જાહેર સભા આકોલી ખાતે યોજાઈ હતી. જેમાં વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા સવદાસભાઈ પટેલ, માદેવભાઈ પટેલ, ચંદુજી ઠાકોર સહિત ૧૦૦ કરતાં વધુ પટેલ ઠાકોર સમાજના લોકોએ કોંગ્રેસનો છેડો ફાડી ભાજપનો ભગવો ધારણ કરી વિધિવત ભાજપમાં જોડાયા હતા. ત્યારે કોંગ્રેસને મોટો ફટકો પડવા પામ્યો હતો. આ પ્રસંગે થરા એપીએમસી ચેરમેન અણદાભાઈ પટેલ, ડાયાભાઈ પિલીયાતર, અશ્વિનભાઈ શાહ(વકીલ), હરગોવનભાઈ શિરવાડીયા, જામાભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ(ખસા), મનોજભાઈ જોષી(સરપંચ, ચિમનગઢ) તથા રામજીભાઈ દેસાઈ અને વિજુભા વાઘેલા તેમજ બાબુભાઈ દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને આકોલીથી ખસા જવાનો રસ્તો મંજુર થતાં ગામલોકોએ ભારતીય જનતા પાર્ટીનો આભાર માન્યો હતો કિર્તિસિંહ વાઘેલાએ વિકાસના કામો તેમજ ખેડુતને પાણી મળે તે માટે ગામ તળાવ ભરવાની ખાત્રી આપી હતી અને ૧૯૮૭ થી ભાજપ સાથે સંકળાયેલા આકોલી ઠા.વાસના લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આભારવિધિ રામજીભાઈ દેસાઈ તથા ગાંડાજી વાઘેલા અને પુનુભા વાઘેલાએ કરી હતી.

## ભીલડી પટ્ટાના ગામોમાં ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યાનો લોકસંપર્ક

### વડાવળથી ખેંટવા સુધીના ગામમાં સભાઓ યોજાઈ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યાનો તા.૩/૧૨/૨૦૧૭ ના રોજ ડીસા તાલુકાના ભીલડી પટ્ટા વિસ્તારના ગામોમાં લોક સંપર્ક યોજાયો હતો જેમાં વડાવળ, સણથ, લોરવાડા, ડેડોલ, સોંડીયા સોતમલા અને ખેટવા ગામોમાં સભાઓ યોજવામાં આવી હતી. જેમાં લોકોનુ વ્યાપક સમર્થન મળ્યુ હતું. તે પ્રસંગ જિલ્લાના દિગ્ગજ નેતાઓ સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોએ પણ હાજરી આપી હતી જેમાં બાબુભાઈ માળી, ગીરીશભાઈ દેસાઈ, મનુભાઈ બારોટ, શંભુભા વાઘેલા, નિર્મલપુરીજી, બલવંતસિંહજી ભરતભાઈ ધુખ, ડાયાજી, કંચનજી ઠાકોર, વિરમજી બારોટ, ભારતસિંહ ભટેસરીયા, નરસિંહભાઈ દેસાઈ, નારણભાઈ દવે, પ્રકાશભાઈ ઠાકોર, સંજય દવે, સુરેશ સિલ્વા વગેરે બહોળી સંખ્યામાં જોડાયા હતા.

આ બાબતે ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યાએ જણાવેલ હું કોઈ નાત જાતનો ભેદભાવ વગર તમામ લોકોને સાથે લઈ કામ કરીશ દરેક લોકોનું હુ હંમેશ કામ કરતો રહ્યો છું અને રહીશ મારા પર દરેકે વિશ્વાસ મુકી આગામી સમયમાં ભાજપ તરફી મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

## થરાદના ગામડાઓમાં કોંગ્રેસ ઉમેદવારને પ્રચંડ જન સમર્થન



### ભાજપથી ત્રસ્ત પ્રજાની કોંગ્રેસ સાથે અડીખમ રહેવાની ખાત્રી

પ્રતિનિધિ થરાદ

થરાદ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડી.ડી. રાજપુતની મહાજનપુરા, દોલતપુરા અને બુઢણપુર ગામે જંગી જાહેર સભા યોજાઈ હતી. જેમાં ભાજપની ભ્રષ્ટ નીતિ - રીતીઓથી કંટાળેલા ગ્રામજનોએ કોંગ્રેસ સાથે અડીખમ રહેવાની ખાત્રી આપી હતી.

થરાદ વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસે આ વખતે સેવાભાવી અને તમામ સમાજ સાથે નાતો ધરાવતા ડી.ડી.રાજપુતને ટીકીટ ફાળવી છે. તેથી ભાજપની ભ્રષ્ટ નીતિ - રીતીઓથી ત્રસ્ત અને વિકાસ ભુખી જનના તેમને સ્વંભુ સમર્થન આપી રહી છે. ગઈકાલે રવિવારે ચૂંટણી પ્રચાર અભિયાન અંતર્ગત તેમની સમર્થકો સાથે મહાજનપુરા, દોલતપુરા અને બુઢણપુર ગામે જંગી જાહેર સભા યોજાઈ હતી.

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં વધુ એક દુકાનમાંથી રૂા.૧.૬૪ લાખના મુદ્દામાલની ચોરી

**તસ્કરોના તરખાટથી વેપારીઓ અને રહીશોમાં ફફડાટ**



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા નેનાવા રોડ ઉપર આવેલ એક વધુ દુકાનમાંથી રૂા.૧,૬૪,૦૦૦ ના મુદ્દામાલની ચોરી થતા વેપારીઓ અને નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. રાજસ્થાનને અડીને આવેલા ધાનેરામાં શિયાળાના આરંભ સાથે તસ્કર ટોળકી તરખાટ મચાવી રહી છે. તાજેતરમાં બેંકનું એ.ટી.એમ તુટયું હતુ અને મધુસુદન પ્લાઝામાં આવેલ ભવાની પાર્લરના પણ તાળા તુટંયા હતા. તેમ છતાં પોલીસ તસ્કરોનું પગેરૂ મેળવવામાં પણ નિષ્ફળ રહી છે. જેથી મોકળું મેદાન જોઈ ગત રાતના અજાણી તસ્કર ટોળકી નગરના નેનાવા રોડ ઉપર આવેલ જય અંબે નામની દુકાનને નિશાન બનાવી ત્રાટકી હતી અને દુકાનની ઉપરના પતરા તોડી અંદર પ્રવેશી સિગારેટ, તમાકુ,

અનુસંધાન પાના નં.૬

## ડીસા સહિત જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ વરસાદની શક્યતા નહિવત : હવામાન વિભાગ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

અરબી સમુદ્રમાં સક્રીય થયેલ લો પ્રસર સિસ્ટમને કારણે સમગ્ર રાજ્યમાં છેલ્લા બે દિવસથી વાદળ છાયા વાતાવરણના પગલે વરસાદી માહોલ રહ્યો છે જેના પગલે ડીસા સહિત જિલ્લામાં વાદળ છાયો માહોલ રચાતા દિવસનો પારો પણ ગગડતા ઠંડીમાં વધારો થવાની વઠા વર્તાઈ રહી છે. ત્યારે ઉષ્ણતાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો.

ડીસા સહિત જિલ્લામાં શિયાળાની ઋતુની શરૂઆતમાં પલટાતા જતા હવામાનના મિજાજને લઈ પ્રજાજનોને મિશ્રઋતુની પણ અનુભુતિ વર્તાઈ રહી છે. ડીસા પંથકમાં શિયાળાની ઋતુમાં ઠંડીનો પારો ગગડ્યા બાદ ૧૪.૮ ડી.સે.ની નિમ્નત્તમ તાપમાન નોંધાયુ છે ત્યારે મધ્યરાત્રીથી વહેલી પરોઢ સુધી ઠંડીનો પ્રકોપ જોવા મળતા હાડથીજવતી ઠંડીની અનુભૂતિ થઈ રહી છે ત્યારે છેલ્લા બે દિવસથી હવામાનમાં પલટો આવતા આકાશમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે તેમ છતાં હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં વરસાદની શક્યતાઓ નહીવત દર્શાવી છે ત્યારે જિલ્લાના ખેડૂતોને વાદળ છાયા વાતાવરણ થી આગામી બે દિવસબાદ છુટકારો મળી જશે જેથી ફરી પાછી શીયાળાની કાતિલ ઠંડીનો અનુભવ થવા લાગશે જેના કારણે રવિસીઝનના ઉભાપાકને ફાયદો થવાની શક્યતાઓ જોવા મળશે.

## વાવ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને સાર્વત્રિક આવકાર



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

જેમ જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવતી જાય છે. તેમ તેમ બંને પાર્ટીઓનો ચૂંટણી પ્રચાર જોર પકડતો જાય છે. ૨,૫૬,૦૦૦/- મતો ધરાવતી ઠાકોર સમાજના પ્રભુત્વવાળી વાવ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ગગન વેગી ચૂંટણી પ્રચાર આરંભી દીધો છે. ગઈકાલે તા. ૩/૧૨/૧૭ ના રોજ તેમણે મત વિસ્તારના રાધાનેસડા, કુંડાળિયા, બરડવી, ગામડી, કારેલી, ચંદનગઢ, ચોથાનેસડા, ઉમેદપુરા, ટડાવ, રાબડીપાદર, હરીપુરા, ચોટીલ, કોળાવા, ઢેરીયાણા, ફાંગડી જેવા -૧૫ ગામોમાં સમર્થકો સાથે ચૂંટણી પ્રવાસ યોજયો હતો. જ્યાં ગોમગામથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને ઉમળકાભેર આવકાર અને સ્વાગત કરાયું હતું. સરહદી પંથકમાં તમામ સમાજ તરફથી ગેનીબેન ઠાકોરને આવકાર સાંપડી રહ્યો છે. ગેનીબેન ઠાકોર સાથે કોંગ્રેસના અગ્રણીઓ પણ ચૂંટણી પ્રચારમાં જોડાઈ ચુક્યા છે. લોકોના મળતા સમર્થનને જોઈ ગેનીબેન ઠાકોરે મીડીયા સમક્ષ જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

## સુરત રહેતા ધાનેરાવાસીઓનો કોંગ્રેસ ઉમેદવારને જીતાડવાનો સંકલ્પ

**ધાનેરા કોંગ્રેસના ઉમેદવાર નથાભાઈ પટેલના સમર્થનમાં સુરતમાં સભા યોજાઈ**



એન.કે.મોદી

તા.પ્રતી. ધાનેરા

ધાનેરા વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા લોકચાહના ધરાવતા નથાભાઈ પટેલને ઉમેદવાર બનાવતાના સુરતમાં રહેતા ધાનેરાના લોકોમાં ઉત્સાહનું મોજુ પ્રસરી ગયેલ તેથી સુરતમાં રહેલા લોકો દ્વારા નથાભાઈ પટેલને જીતાડવા માટે સુરત ખાતે સભાનું આયોજન કરેલ અને સુરતની ડાયમંડ નગરીમાં ડાયમંડ સાથે સંકળાયેલ લોકો મોટી સંખ્યામાં ભેગામળી આગામી તા.૧૪/૧૨/૧૭ ના રોજ ધાનેરા ખાતે હાજર રહી નથાભાઈ પટેલ તરફી મતદાન કરવા સંકલ્પ લીધા હતા તમામ મતદારો મતદાન કરવા જે તે મતદાન મથક ઉપર જઈ નથાભાઈ પટેલ તરફી મતદાન કરવા હાજર રહેલ સૌ મતદારોએ ખાત્રી આપી નથાભાઈ પટેલની જીતમાં સહભાગી થવાનો સંકલ્પ લીધેલ.

## ચાણસ્મામાં અપક્ષ ઉમેદવારની જંગી જાહેર સભા યોજાઈ



રાજુભાઈ ઠાકર

### ઠાકોર સેના અને કોંગ્રેસ ઉમેદવારોની સુચક હાજરી

જિ.પ્રતિ. પાટણ

૧૭- ચાણસ્મા વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે યુવાન અને સેવાભાવી ઠાકોર દિનેશરભાઈ આતાજીની તા.૩/૧૨/૨૦૧૭ ને રવિવારે સવારે ૧૧ કલાકે ધાર્મિક ગોગ મહારાજનું ગામ ધરમોડા મુકામે વિશાળ જન મેદની સાથે સર્વે સમાજના આગેવાનો કાર્યકરોની ઉપસ્થિતિમાં જાહેર સભા યોજાઈ હતી.

આ સભામા પાટણ જિલ્લા ક્ષત્રિય સેનાના ઉપપ્રમુખ વદાજી ઠાકોર, હારીજ તા.પ્ર.બચુજી ઠાકોર, ચાણસ્મા તા.પ્ર.જોરાજી ઠાકોર, હારીજ તા.કોંગ્રેસ પ્ર.બાબુભાઈ દેસાઈ,

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાંથી સગીર વયની સગીરાનું અપહરણ થતાં ફરિયાદ

પાલનપુર

પાલનપુર ખાતે રહેતા દિનેશભાઈ મુકેશભાઈ ઠાકોર (રહે. ચામુંડાવાસ, માહિતી કેન્દ્રની પાછળ ઈદગાહ રોડ) ની બહેન સીતાબેન જે સગીર વયની હોવા છતાં સુમતીજી બાબરજી ઠાકોર (રહે. વહોણા, તા.સરસ્વતી ,જીલ્લો પાટણ) ગત તા.૧૨-૧૧-૧૭ થી તા.૧૩-૧૧-૧૭ દરમ્યાન લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અપહરણ કરીને ભગાડી ગયેલ. આ બાબતની જાણ દિનેશભાઈ ઠાકોરને થતાં પોતાની બહેનની તપાસ ચલાવવા પાલપુર તથા સગાસંબંધીઓ ને ત્યાં તપાસ ચલાવતા તેણીની કોઈ માહિતી ન મળતાં પાલપુર પોલીશ સ્ટેશનમાં તા.૨-૧૨-૧૭ના રોજ પી.આઈ અને પી.એસ.ઓ.ની રૂબરૂ ફરિયાદ નોંધાવતા ફ.ગુ.ર.નં. ૩૯૨/૨૦૧૭, ઈપીકો કલમ ૩૬૩,૩૬૬ મુજબ પી.એસ.ઓ મનસુખભાઈ ગોકળભાઈ તેમજ પો.ઈન્સ. વાય.એમ મિશ્રાએ તપાસ ચલાવેલ છે.

૨૨ વર્ષથી વાણી અને વર્તનમાં
ઘમંડ અને
તોછડાઈ રાખનારના
અંતની
શરૂઆત
કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

## તંત્રી સ્થાનેથી ...

### સંસારમાં એવા કાર્યો કરવા જોઈએ જેથી દરેકને સુખ, શાંતિ અને પ્રસન્નતા મળે.

## ચૂંટણી માટે એસટી બસો ફાળવવાથી ટૂંકા ગ્રામ્ય રૂટો બંધ થશે

રાજયની સરકારી કચેરીઓમાં વાહનોની સંખ્યા અસંખ્ય હોવા છતાં આગામી તા. ૯ અને ૧૪ ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ચૂંટણી કાર્ય માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની આશરે ચાર હજાર જેટલી બસો ફાળવશે તેવું નક્કી થયું છે. એસટી.નિગમના સૂત્રોનું કહેવું છે કે બે તબક્કાની ચૂંટણી માટે બે- બે હજાર બસ ફાળવાશે.

જ્યારે ચૂંટણીની કામગીરી માટે ટૂંકા રૂટ પર દોડતી અને મુસાફરોની સામાન્ય ફ્રિકવન્સી ધરાવતી બસોને પ્રથમ ફાળવવામાં આવનાર છે. મતલબ કે ટૂંકા રૂટની બસો બંધ કરવામાં આવતા ખાનગી વાહન ચાલકો જે પેસેન્જરોને લઈને આવજા કરે છે.તેઓને બે દિવસ જલસા થઈ જવાના, ખાનગી વાહન ચાલકો પોતાની મરજી મુજબનું ભાડું નક્કી કરી ગ્રામ્ય જનતાને ધોળે દિવસે છેતરી રહી છે. આ બાબતે તપાસ ચલાવવામાં આવે તો કેટલાક બિનઅધિકૃત ભાડેથી ફરતા વાહન ચાલકોને દંડી શકાશે.

ચૂંટણી કામકાજ માટે લાંબારૂટની અથવા એક્સપ્રેસ હોય એવી બસો ચૂંટણી માટે ફાળવવામાં આવનાર નથી. તેવું નિગમનું કહેવું છે.

ચૂંટણી પહેલાં ઈવીએમ બુથ સુધી લઈ જવાથી માંડી મશીનને સાંજે પરત લઈ જવા સુધી બસનો ઉપયોગ કરાય છે. આ ઉપરાંત ઈલેક્શન ડ્યુટી માટે સિક્યોરિટી ફોર્સ એટલે કે જવાનોની અવરજવર માટે પણ એસટી બસનો જ ઉપયોગ થનાર છે. જો કે હજુ સરકારમાંથી રિક્વિઝિશન ફોર્મ નિગમને મળ્યા નથી. પરંતુ અંદર ખાતે બંને તબક્કા માટે આશરે ૪૦૦૦ જેટલી બસો તૈયાર રાખવાના સંકેતો આપી દેવાયા છે. અત્રે નોંધવું ઘટે કે ચાર હજાર બસ વિધાનસભાની ચૂંટણી માટે ઉપયોગમાં લેવાની હોવાથી મુસાફર જનતાને અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો રહેશે. ખાસ કરીને શહેર નજીકના ગામડાઓમાં જતી બસો મતલબ કે ટુંકા રૂટની બસો બંધ થશે. અને તેમાંય પરિવાર સાથે મુસાફર કરતા લોકોને ભારે પરેશાન થવું પડશે. ખાનગી વાહન ચાલકો બેફામ ભાડુ લેતા હોય છે અને ક્યારેક જીપ બગડે તો મુસાફરોને રસ્તામાં ઉતારી દેવામાં આવતા હોય છે. આવા સમયે જીપમાંથી ઉતરેલા મુસાફરોને અન્ય સાધન જલદી ન મળતા મુસાફરોની સ્થિતિ દયનીય બની રહે છે.

કહેવાય છે કે એસટી નિગમ અમદાવાદ પાસે ૧૦ ટકા બસો વધારાની સંખ્યામાં ઉપલબ્ધ હોય છે. તેથી નિગમ વધુ બસો ફાળવી શકે તેમ નથી. અન્ય એક બાબત એવી છે કે રાજ્યના જેતે ડેપોમાંથી બસો ફાળવવામાં આવે છે. તે બસ ડેપોમાં ટુંકા રૂટો કેટલા બંધ રહેશે. તે બાબતની માહિતી એસ.ટી.ના નોટીસ બોર્ડ પર જણાવવામાં આવતી નથી અને જે તે ડેપો અધિકારી મુસાફરોને મૌખિક જ વાત જણાવતા હોય છે.

જ્યારે સંખ્યાબંધ બસો તેના કિલોમીટર પુરા કરી ચુકી હોવા છતાં હાઈ- વે માર્ગ પર દોડાવવામાં આવતી હોય છે. આવી બસો ક્યારેક રસ્તામાં બંધ પડી જતી હોય છે અને ક્યારેક બ્રેક ફેઈલ થઈ જતાં મુસાફરોની સ્થિતિ જોવા જેવી થતી હોય છે. વર્તમાન સંજોગોમાં બસ નિગમને સારામાં સારી આવક હોવા છતાં કિલોમીટર પુરી થયેલી બસોને શા માટે ચલાવવામાં આવતી હોય છે ક્યારેક આ રીતની બસો ચલાવાવમાં આવ્યા બાદ અકસ્માતના બનાવો બને છે. ત્યારે નિગમ પોતાના હાથ અધ્ધર કરી દે છે. જે રીતનો માનવીય અભિગમ હોવો જોઈએ તે રતીભાર વ્યક્ત કરવામાં આવતો નથી. બસના મુસાફરોને પુરતી સુવિધા શા માટે આપવામાં આવતી નહિં હોય ત્યારે ચૂંટણી માટે ૪૦૦૦ બસો ફાળવવામાં આવતા ટુંકા ગ્રામ્ય રૂટો બંધ થશે અને ગ્રામ્ય જનતા રઝળી પડશે.

## ફિઝિકલ ફિટનેસથી બાળકો વધુ સ્માર્ટ બને છે : અભ્યાસ

બાળકો ફિઝીકલી ફીટ હોય તો તેમના મગજના અમુક હિસ્સાઓમાં ગ્રે મેટર (ડાર્ક ટિશ્યુ જે વ્યકિતની બુધ્ધિમતા માટે જવાબદાર હોય છે) ની સંખ્યામાં વધારો થતો હોવાનું અને એનાથી તેમના એકેડેમિક પર્ફોર્મન્સમાં સુધારો થતો હોવાનું એક અભ્યાસમાં જણાવ્યું છે. ગ્રે મેટરની વધુ માત્રા એ એરોબિક કેપેસીટી (હૃદય, ફેફસા, શરીરની નસો વગેરેની કામ કરવાની ક્ષમતા) ઉપરાંત જોવાની, શીખવાની અને શરીરનાં અન્ય અંગોની કામ કરવાની ક્ષમતા માટે જરૂરી છે.

આ અભ્યાસમાં ૧૦૦ થી વધુ મેદસ્વી બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં લેન્ગવેજ પ્રોસેસિંગ અને વાંચવા માટે જરૂરી એવા મગજના બે હિસ્સાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જો કે શારીરિક તાકાતને મગજમાં ગ્રે મેટરની વધુ માત્રાથી કોઇ લેવા દેવા ન હોવાનું પણ અભ્યાસમાં જણાવ્યું હતું. મગજના બે હિસ્સામાં ગ્રે મેટરનો પ્રભાવ ફીઝીકલ ફીટનેસ પર પડે છે અને એનાથી બાળકોનો એકેડેમિક પર્ફોર્મન્સ સુધરે છે.

ફીઝીકલ ફિટનેસને એકસરસાઇઝથી સુધારી શકાય છે અને કમ્બાઇનિંગ એકસર સાઇઝ દ્વારા બાળકોની એરોબિક કેપેસીટી તેમજ મોટર એબીલીટી સુધારી શકાય છે જેથી મેદસ્વી બાળકોનો શારીરિક વિકાસ પણ થઇ શકે અને તેમના મગજનો વિકાસ થઇ શકે.

### આત્મચિંતન

## આદર્શોન્મુખી આધ્યાત્મિક જીવન

આદર્શોન્મુખી આધાત્મિક કર્મમાં જ જીવનનો સદુપયોગ છે. આદર્શ ચિંતન આદર્શ કર્મનો રસ્તો બતાવે છે. આધ્યાત્મિક તત્વચિંતન અને ધારણા ચોક્કસ શ્રેષ્ઠ છે, તેના જ્ઞાનથી કોઈ પણ શ્રેષ્ઠ વિદ્વાન બની શકે છે, તેને વિવેચના અને વ્યાખ્યાથી સમાજમાં સન્માન પ્રતિષ્ઠા મેળવી શકાય છે પરંતુ જ્યાં સુધી તેનો અનુભવ ન થાય ત્યાં સુધી જીવન સાર્થક ન ગણાય. બીજાને લલચાવવા, આકર્ષવા મોટી મોટી વાતો તો થઈ શકે છે પણ પોતાને સમજાવવા માટે તે પૂરતું નથી તેને માટે તો આધ્યાત્મિક સત્યની અનુભૂતિ જરૂરી છે. આથી આધ્યાત્મિક સત્યની અનુભૂતિ તત્વચિંતન અને ધારણા કરતાં ક્યાંક વધારે મહત્વની છે.

સાધાનાત્મક પુરૂષાર્થ થોડોક જ કેમ ન હોય, હજાર મોટી મોટી વાતો કરતાં વધારે સારો છે. મોટી મોટી વાતોથી શું થાય ? તેનાથી તર્ક વિતર્ક જ થઈ શકે.હા, સત્ય એ છે કે શ્રેષ્ઠ વાતોનું મહત્વ છે, તેની જરૂર છે કારણ કે વાતોથી ભાવનાઓ જગાડી શકાય છે.સારી-શ્રેષ્ઠ વાતોથી દબાઈને પડેલી ભાવનાઓ જગાડી શકાય છે પણ એટલું જ પૂરતું નથી, કારણ કે કોઈ સિદ્ધાંતની અનુભૂતિ માટે જો જરૂરી પુરૂષાર્થ કરવામાં ન આવે તો માનવું કે સમય અને ભાવના નકામી જાય છે, નાશ થઈ જાય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## મોબાઈલ ફોનનો યુગ આવ્યો છે ત્યારે ત્રણ વાત શીખવી જ રહી..

સંબધના બંધને અકબંધ રાખવામાં મોબાઈલની શીખ યાદ રાખવા જેવી છે..

તમારા પરમમિત્ર મનોજના ઘરે તમે પહોંચ્યો ત્યારે તે કોઈ કંકોતરી વાચતો હતો. મને જોઈને અવકાર્યો.. અને કહ્યું 'આ મારા કઝીન ભાઈની દીકરીના લગ્ન છે.. તેની કંકોતરી છે. અમારે બધાને જવું પડશે. એક કામ કર તું પણ ચાલ.. તારે માટે એ શહેર સાવ નવું છે. જોવાઈ જશે.. અને અમને બધાને મઝા પણ આવશે.. તારા વિચારો વાર્તા જોક્સ સાંભળવાની 'વિચારીને કહીશ..' કહી મેં ચાલતી પકડી પણ.. મનોજનો મોબાઈલ બે ત્રણ વાર આવી ગયો. અને મેં હા પાડી. અને વડોદરાથી ૩૮૭ કિલોમીટર દુર આવેલા એક શહેર જવા ટ્રેન પકડી અમે.

જો કે ટ્રેન તેના સમય કરતા બે કલાક મોડી હતી જે. ગંતવ્ય સ્થાને પહોંચતા અઢી કલાક સુધી મોડી થવાની હતી.

રસ્તામાં મનોજના સંબંધીના મોબાઈલ ફોન પર કેટલા વાગ્યે પહોંચશો ?ના મેસેજ આવી ગયા.

રાત્રે મોડુ થવાનું હતું તેથી રસ્તામાં બધા જમ્યા. ગંતવ્ય શહેરમાં તેના સગા લેવા આવવાના હતા. તેણે ઘડીમાં રેલવે સ્ટેશને આવું છું, ઘડીમાં તેના ઘરે પહોંચ્યો તેવા ફોન કરી રાખ્યો આખરે રિક્ષા કરી તેના ઘરે પહોચ્યાં આવકાર મોરો હતો તેથી મનોજ મને જોઈ મુંઝાયો. કારણ તેના સગા ખાલી ઘરમાં મુકી પાંચ મિનિટ રોકાયા ન રોકાયા ને લગ્ન સ્થળે જતાં રહ્યાં. મેં નોજની વેદના સમજી લીધી.

સવારે લગ્ન સ્થળે મંડપ મુહુર્ત માટે પહોચ્યા. જે ભાઈની દીકરીના લગ્ન હતા તેને મળ્યા ઉષ્મા ભર્યો આવકાર મળ્યો. દિવસ આખો આનંદમાં વીત્યો. રાતે ઉતારે પેલા સગાના ઘરે પહોચ્યાં તો ઘરના મેઈન દરવાજે તાળું. જે ભાઈએ ઘર આપ્યું હતું તેણે કોમન દરવાજાની એન્ટ્રસ ની કોમન ચાવી ન હતી. અને મનોજને તે અંગે વાત પણ કરી ન હતી.

પણ નસીબ સારા કે કોઈ પાડોશી જાગતુ હતું અને દરવાજો ખોલી ગયું મનોજનો ચહેરો જોવા જેવો હતો.

સવારે લગ્નનો દિવસ હતો એ દિવસે લગ્ન સ્થળે પહોંચતા પહેલા જ મનોજે પાડોશી સાથે મસલત કરી રાતે દરવાજો ખુલ્લો રાખવા જણાવી દેતા પાડોશીએ હરખભેર હા પાડી અને કાંઈ

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

જોઈતું હોય તો જણાવવા કહ્યું.. અને માણસાઈની સુવાસ પ્રસરી ગઈ. લગ્ન સ્થળે જવા નીકળતી વખતે હોટેલમાં ચા પીવા ગયા ત્યારે સરસ ભજન સાંભળવા મળ્યું.'અજી તારે આંગણિયે કોઈ આવે. તો તેમે આવકારો મીઠો આપજે..'

બસ પછી લગ્ન ધામધૂમ થયા અને કન્યા વિદાય બાદ અમે પણ વડોદરા આવવા નીકળ્યા ત્યારે જરા ઉદાસ હતો તેથી મેં એને મોબાઈલ ફોન પાસેથી શીખ લેવા જણાવ્યું કે મોબાઈલ ફોન પાસેથી ત્રણ વાત યાદ રાખ (૧) જે સારું લાગે તેને સેવ(સંગ્રહી) રાખો (૨) જેનાથી બીજા ખુશ થાય તેને ફોરવર્ડ (વહેંચવું) કરો. અને (૩) જે કોઈને સારૂ ન લાગે તેને ડીલીટ (હટાવી દો)કરો. આ વાત જીવનના દરેક તબક્કામાં ખુશ રહેવા જરૂરી છે. આમ કરવાથી સંબંધના બંધ ને અકબંધ રાખી શકાય છે. મનોજને તો આ વાત સમજાઈ ગઈ એટલે જે ભાઈ આવકારવામાં ઉણા ઉતર્યા તેને કાંઈ કર્યુ નહીં. પણ આપને શું લાગે છે ? એ મને મેઘ વર્ષા, ૧૪ સપ્તગિરિ સોસાયટી નં-૩ સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્ર ક્રોસિંગ,માંજલપુર વડોદરા -૩૯૦૦૫ ૦૧૧ અથવા મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો હોં કે!

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

## ટેકનોલોજીમાં નિપુણતાઅને ઈનોવેશનમુખ્ય આધાર બની રહેશે



અમદાવાદ

ફિલ્મમેકર સંજય પટેલની આગામી ફિલ્મ યુનિયન લીડરનું ટ્રેલર એએમએ, અમદાવાદ ખાતે આયોજિત હાઈપ્રોફાઈલ ઈવેન્ટમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં તેના કાસ્ટ અને ક્રૂ તેમજ પ્રશંસકો ઉપસ્થિત રહ્યા હતા.

યુનિયન લીડરમાં સામેલ સિતારાઓમાં રાહુલ ભાટ (અગ્લી ફેમ), તિલોત્તમા શોમે (મોનસૂન વેડીંગ, અ ડેથ ઈન ધ ગુંજ ફેમ) સામેલ છે. યુનિયન લીડર ફિલ્મની વાર્તા વાસ્તવિક જીવનની ઘટનાઓ પર આધારિત છે જે ખુદ ફિલ્મમેકર સંજય પટેલે ભારતમાં જ્યારે તેઓ કેમિકલ પ્લાન્ટ્સમાં એન્જિનિયર તરીકે કાર્યરત હતા ત્યારે અનુભવી હતી. ભારતીય ફેક્ટરીઝના નબળા આરોગ્ય અને સુરક્ષા માપદંડોનો ભોગ બનીને કામદારો સતત ગરીબી અને શોષણનો ભોગ બનતા રહે છે.

## અમદાવાદમાં ફોરએવર ૨૧નાં નવા સ્ટોરનો પ્રારંભ

અમદાવાદ

કેલિફોર્નિયામાં લોસ એન્જલસ ખાતેની સૌથી વધુ પસંદગી પામતી ઈન્ટરનેશનલ ફાસ્ટ ફેશન બ્રાન્ડ્સ ફોરએવર ૨૧ અને આદિત્ય બિરલા ફેશન તથા રિટેલ લિ.ના હિસ્સા સમાન ફોરએવર ૨૧એ તેના પ્રથમ હાઈસ્ટ્રીટ સ્ટોરનું અમદાવાદમાં ઉદઘાટન કરીને પોતાની ઉપસ્થિતિ મજબૂત બનાવી છે. આ સ્ટોર જાજરમાન બોલિવૂડ એક્ટ્રેસ વાણી કપૂર દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. ફોરએવર ૨૧ એ ફાસ્ટ ફેશન કેટેગરીમાં પુરોગામી છે જે યુવા અને ફેશન માટે જાગૃત ગ્રાહકો માટે સૌથી વધુ પસંદગીનું ફેશન ડેસ્ટીનેશન તેને બનાવે છે.




બોલિવૂડ સેન્સેશન વાણી કપૂરે આદિત્ય બિરલા ફેશન અને રિટેલ લિ.ના ફોરએવર ૨૧ના ઈન્ડિયા બ્રાન્ડ હેડ રાહુલ ઝાંબ સાથે સ્ટોર લોન્ચ કર્યો હતો. મુંબઈ, દિલ્હી, બેંગલોર, પૂણે, હૈદરાબાદ, ચેન્નઈ, પંજાબ અને સિલિગુડી ખાતે ફેશનેબલ ઈન્ડિયન્સ સાથે જોડાણ સ્થાપીને ફોરએવર ૨૧એ અમદાવાદના ફેશન ક્વોશન્ટને ગ્લોબલ ફેશન ટ્રેન્ડ્સ સાથે વેગ આપવા માટે પ્રયાસ કર્યો છે.



શહીદ વીર સ્વ. પ્રદીપસિંહ કુશવાહનું આતંકવાદિઓના મુઠભેડમાં વિરગતી પામેલ તેમની પ્રથમ માસિક પૂણ્યતિથિની ઉપલક્ષમાં તપ્નીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તે પ્રસંગની તસ્વીર

### રાજકીય વિશ્લેષકો મુજબ ભરત સોલંકીની વ્યુરચનામાં

## કોંગ્રેસમાં યુવા ઉમેદવારોને ચૂંટણી સંગ્રામમાં ઉતારતા યુવાનોમાં નવો જુવાળ ભાજપનો દાવો પોકળ , પ્રોફેશનલોને ટિકીટ આપવાની વાત અભરાઈએ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની આગામી દિવસોમાં યોજાનાર ચૂંટણીમાં બન્ને રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે યુવા ઉમેદવારોને ટીકીટ આપવાનો દાવો કર્યો હતો પરંતુ તે દાવને કોંગ્રેસે નિભાવીને ૫૦ વર્ષથી નિચેના વયના લગભગ ૪૦ ટકા ઉમેદવારોને ટીકીટ આપી છે જેના કારણે લોકોમાં પરિવર્તનની લહેર જોવા મળે છે. સામાન્ય રીતે કોગ્રેસની છાપ છે ટીકીટોની વહેચણી થાય છે અને મારા તમારા સાચવી લો અથવા તો જેટલું ભેગુ થાય તેટલુ કરી લો જેમને કોગ્રેસની ટીકીટ નથી મળી તેમણે કેટ કેટલાય આક્ષેપો કર્યા પરંતુ આક્ષેપો કરનાર દાવેદારોએ આત્મ ખોજ કરવાની જરુર હતી. એક સિનિયર રાજકીય વિશ્લેષકના જણાવ્યા અનુંસાર આ વખતે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પહેલેથી જ યુવા ઉમેદવારોને ટીકીટ આપવાનો હઠાગ્રહ રાખ્યો હતો ગમે તેટલા આક્ષેપો થાય તો પણ પોતાના નિર્ણયથી નહી ડગવાના નિર્ધાર સાથે કોગ્રેસ હાઈકમાન્ડે ભરતસિંહ સોલંકીની વાત માની અને વ્હાલા દવલાથી પર થઈને માત્રને માત્ર યુવાન હોય તથા કોગ્રેસને સમર્પિત હોય તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારીને પોતાના દાવાને સાચો ઠેરવ્યો છે.

### ગાંધીનગરમાં તા.૬ થી ૧૦ ડિસેમ્બર દરમ્યાન યોજાનાર

## ૧૩મા એન્જીમેકમાં ૩૨ દેશોના પ્રદર્શકો પોતાની ઈજનેરી ક્ષમતા પ્રદર્શિત કરશે

અમદાવાદ

માળખાગત સુવિધાઓમાં તથા ઔદ્યોગિક ઉત્પાદનમાં વધતા જતા મૂડીરોકાણને કારણે ભારતના એન્જીન્યરીંગ ક્ષેત્રએ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. જંગી પ્રદર્શન ENGI MACHની ૧૩મી એડિશનમાં એન્જીન્યરીંગ, મટિરિયલ હેન્ડલીંગ, ઓટોમેશન અને મશીનટુલ્સ ક્ષેત્રે સધાયેલી પ્રગતિને રજૂકરતું પ્રદર્શન તા. ૬ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન એકઝિબિશન સેન્ટર ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યું છે. 'ENGIMACH2017' ને મશીનટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસિએશન રાજકોટ, લુધિયાણા મશીનટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસિએશન, લુધિયાણા અને નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) નો સહયોગ મળ્યો છે. એન્જીન્યરીંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (EEPC) તેનોટેક્નોલોજી પાર્ટનર છે. HAAS India અને AjanCNC તેના ડાયમન્ડસ્પોન્સર્સ છે, જ્યારે એનર્જી મિશન મશીનરીઝ (ઈન્ડીયા) પ્રા. લિમિટેડ તેમના ગોલ્ડ સ્પોન્સર્સ છે. એવોર્ડ એન પી લેબલ - ધ લેબલ લીડર દ્વારા સ્પોન્સર કરાયા છે.

## 'પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન'માં ભારતની ટોપ લાઈન સ્કુલ્સ દર્શાવાશે

અમદાવાદ

આજની ઝડપથી બદલાતી દુનિયામાં કોઈપણ વર્ગના વાલીઓ કરિયર અંગેના પડકારો અને તેમની પારિવારિક જવાબદારીઓનો સામનો કરતા હોય છે અને તેમાં તેઓની સૌથી મોટી જવાબદારી તેમના બાળકો માટે ખર્ચની પરવા કર્યા વિના પણ યોગ્યતમ સ્કુલની પસંદગી કરવાની હોય છે. તેઓ સમયનો અભાવ અનુભવે છે અને તેથી યોગ્ય માહિતી તેમના બાળકના જીવન માટેના સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય માટે મળતી નથી. દર વર્ષની જેમ પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન દ્વારા ભારતની સૌથી ઉત્તમ ઈન્ટરનેશનલ સ્કુલ્સ અને બોર્ડિંગ સ્કુલ્સ પ્રાઈડ હોટેલ, અમદાવાદ ખાતે ૨ અને ૩ ડિસેમબરના રોજ સતત ૧૧ મા વર્ષે દર્શાવાશે. તમામ વાલીઓ કે જેઓ અમદાવાદમાં 'પ્રિમિયર સ્કુલ્સ એક્ઝિબિશન'ની મુલાકાત



લેશે તેઓ સ્કુલ્સના વડા તથા તેમના પ્રતિનિધિઓ સાથે પ્રત્યક્ષ અને પારદર્શિતાથી વાતચીત કરી શકશે, તેઓ પોતાના કન્સેપ્ટ્સ અને આઈડિયાઝ સ્પષ્ટ કરશે, વિશ્વસનીય અને અપડેટેડ માહિતી મેળવી શકશે અને 'સ્પોટ કાઉન્સેલિંગ' અને 'સ્પોટ એડમિશન્સ ઓફર્સ'નો લાભ લઈ શકશે. સ્કુલ્સ કે જે અહીં સામેલ થશે તેઓ તેમની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, પર્ફોર્મન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ, અભ્યાસની પદ્ધતિ અને ફી માળખા વિશે વાલીઓને જાણકારી આપશે.

## ઓરીયન્ટ ઈલેક્ટ્રિક રજૂ કરે છે દરેક જગ્યા અને જરૂરિયાત માટે વોટર હીટરના ૧૮ નવા મોડલ

નવી શ્રેણીના મોટાભાગના મોડેલ મ્ઈઈ ૫-સ્ટાર રેટિંગ સાથે આવે છે, જેથી ગ્રાહકોને વિજળીના બીલમાં બચત થાય છે. સ્ટોરેજ, ઈન્સ્ટન્ટ અને ગેસ ગિઝર્સમાં વિવિધ પ્રકારો અને ક્ષમતાઓ પ્રમાણેની અલગ અલગ રેન્જ છે.

૧.૬ અબજ ડોલરની સી.કે. બિરલા ગ્રુપનો હિસ્સો એવી ઓરીયન્ટ ઈલેક્ટ્રિક આ શિયાળે ગ્રાહકોની પસંદગીને ધ્યાનમાં રાખીને વિશાળ શ્રેણીમાં વોટર હીટરના ૧૮ નવા મોડલ લઈને આવી છે. આ સાથે આ બ્રાન્ડ બજારની વોટર હીટરની સૌથી મોટી બ્રાન્ડ બની ગઈ છે. આમાં વર્લ્ફફ્લો ટેકનોલોજીને સમાવતી અને તેના હરીફો કરતા ૨૦ ટકા વધુ ગરમ પાણી પુરૂ પાડતી નવી રેન્જના ઊર્જા કાર્યક્ષમ ગ્લાસવાઇન વોટર હીટરને સમાવવામાં આવ્યા છે. નવી રેન્જનો નમુનારૂપ ઓરિએન્ટ ઈલેક્ટ્રીક એનેમર વૉટર હીટર અને નવા ઔરા પ્લસ ઈન્સ્ટન્ટ વોટર હીટરની શ્રેણી છે, જેમાં એનેમર એક વિશિષ્ટ ડિઝાઈન અને અત્યાધુનિક સુવિધાઓ ધરાવે છે. તેમાં કાટ-મુક્ત ટિટાનિયમ એનેમલ ટેન્ક, અદ્યતન એન્ટી બેક્ટેરિયલ ટેકનોલોજી, વધુ જાડા મેગ્નેશિયમ એનોડ રોડ અને ડિજિટલ તાપમાન ડિસ્પ્લે રહેલા છે, જ્યારે ઔરા પ્લસ ઈન્સ્ટન્ટ વોટર હીટર શક્તિશાળી ગરમીનું સામર્થ્ય ધરાવે છે, જેથી આપને જરૂર પડ્યે ગરમ પાણી મળી રહે.

## નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટે ૫૧ ફૂટની કાખઘોડી પ્રસ્થાપિત કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો



અમદાવાદ

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજરોજ શહેરમાં આવેલા મેમનગર ખાતે સંસ્થાના મકાનની સામેના ખુલ્લા મેદાનમાં 'અભિગમ્યતા અભિયાન' હેઠળ દિવ્યાંગોની નવી ઓળખ એવી ૫૧ ફૂટની 'કાખઘોડી'ની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી. આ 'કાખઘોડી'ની પ્રતિકૃતિ મૂકતાની સાથે જ તેને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તથા વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બુકમાં સ્થાન મળ્યું છે.

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. સુભાષ આપ્ટેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજે 'અભિગમ્યતા અભિયાન' હેઠળ ૫૧ ફૂટની કાખઘોડી (ક્રૅચિર) મૂકી સંસ્થા ગર્વની લાગણી અનુભવે છે. 'કાખઘોડી'ની મોટામાં મોટી પ્રતિકૃતિનો અગાઉનો વર્લ્ડ રેકોર્ડ Asicon અને J B chemicals દિલ્હીના નામે હતો, જેની ઊંચાઈ ૪૫ ફૂટ હતી. જ્યારે નવજીવન ચેરી ટેબલ સંસ્થા દ્વારા ૫૧ ફૂટની 'કાખઘોડી' વિશ્વ અપંગ દિનની ઉજવણીના ભાગરૂપે મૂકવામાં આવતાં હવે આ રેકોર્ડ નવજીવન ચેરીટેબરલ ટ્રસ્ટના નામે નોંધાશે.

## મહેનતનો ચમત્કાર

**કથાસાગર**

વર્ષાઋતુ નજીક આવી ચૂકી હતી. પાણી વરસતા આશ્રમમાં ઈંધણ માટે લાકડા ન ખૂટે તેમ વિચારી માતંગ ઋષિએ શિષ્યોને કહ્યું કે, બાળકો, આપણે વર્ષાઋતુ માટે અત્યારથી વ્યવસ્થા કરવી પડશે. આ માટે તમારે જંગલમાં જઇને લાકડા કાપીને લાવવા પડશે અને તે આશ્રમમાં સંગ્રહ કરવા પડશે. શિષ્યો લાકડાં કાપવા તો માગતા ન હતાં પરંતુ ગુરૂના આદેશનું પાલન કરતાં તેઓ ઉત્સાહપૂર્વક કામમાં જોતરાઇ ગયા. તેમની વચ્ચે વધારે શ્રમ કરવા અને વધારે કુશળતાનો પરિચય આપવાની જાણે કે હોડ જામી ગઇ. અંતે દરેક શિષ્ય પોતાના કામ થકી ગુરૂને પ્રભાવિત કરવા માગતા હતાં. શિષ્યો રોજ સવારે ઊઠી જંગલમાં જતાં અને સાંજ સુધી લાકડા કાપીને આશ્રમમાં લઇ આવતા હતાં. અનેક દિવસોના શ્રમ બાદ આશ્રમમાં ઈંધણ માટે જરૂરી લાકડાની વ્યવસ્થા થઇ ગઇ. શિષ્યોએ આશ્રમ નજીક આવેલા તમામ ઝાડીઓ પણ કાપી નાખી. હવે સપાટ મેદાન દેખાતુ હતું. ત્યાં આસપાસ કોઇ સુગંધિત વૃક્ષ કે છોડ ન હતો તેમ છતાં એવી મહેક પ્રસરી રહી હતી જાણ કે આશ્રમ કોઇ ફુલોના બાગ વચ્ચે ઊભુ હોય. તેનાથી શિષ્યો ચકિત રહી ગયા. તેમણે માતંગ ઋષિ પાસે જઇને પૂછ્યું, ગુરૂદેવ, અહીં આસપાસ કંઇ જ નથી. તેમ છતાં આટલી સુગંધ ક્યાંથી આવી રહી છે? ઋષિ માતંગે શિષ્યોને કહ્યું, વત્સ, આ સુગંધ જમીનમાંથી આવી રહી છે. તમે જઇને જૂઓ કે કયા સ્થળેથી આ સુગંધ આવી રહી છે? ઋષિની આજ્ઞાનું પાલન કરતાં શિષ્યો જમીન પાસે જઇને નજીકની સૂંઘવા લાગ્યા. જ્યાં જ્યાં તેમને તીવ્ર સુગંધ અનુભવાઇ તે સ્થળો પર તેમણે ચિન્હો લગાવી દીધા અને પરત આવી ગયા. ત્યારબાદ તેમણે ઋષિ માતંગને પૂછ્યું, ગુરૂદેવ, અમે ફુલમાંથી સુગંધ આવતી તો જોઇ છે પરંતુ જમીનમાંથી સુગંધ આવવાનું કારણ શું છે? આ સાંભળી ઋષિ માતંગ બોલ્યા, વત્સ, આ શ્રમની સુગંધ છે. વાસ્તવમાં તમારા બધાની શ્રમ-સાકર જ્યાં જ્યાં પડી તે ભૂમિ મહેકવા લાગી. મનોયોગપૂર્વ કરવામાં આવેલા શ્રમનો આ પ્રકારનો ચમત્કાર તમે ગમે ત્યારે અને ગમે ત્યાં પણ જોઇ શકો છો.

## સંજય દત્તની બાયો-ફિલ્મ રણબીરના તકદીરને ચમકાવી દેશે

મુંબઈ

સિનિયર અભિનેતા સંજય દત્તની બાયો-ફિલ્મ રણબીર કપૂરના તકદીરને ચમકાવી દેશે એવી માન્યતા આ ફિલ્મની સર્જનાત્મક ટીમ ધરાવતી હોવાનું જાણવા મળ્યું હતું. આ ફિલ્મમાં રણબીર કપૂર સંજય દત્તનો રોલ કરી રહ્યો છે. સંજય પૂણેની યરવડા જેલમાં હતો ત્યારથી એના મિત્ર અને ટોચના ફિલ્મ સર્જક મુન્નાભાઇ સિરિઝના રાજકુમાર હીરાણી સંજય દત્તની બાયો-ફિલ્મ માટે તૈયારી કરી રહ્યા હતા. આ રોલ માટે રણબીર કપૂરને સાઇન કરવામાં આવ્યો હતો અને ફિલ્મનું યુનિટ કહે છે કે રણબીર કપૂરે આ ફિલ્મમાં પોતાના પ્રાણ રેડી દીધા હતા. જો કે એને એક હિટ ફિલ્મની તાતી જરૂર પણ હતી. એની છેલ્લી ફિલ્મ જગ્ગા જાસૂસ ત્રણ ત્રણ વર્ષના વિલંબ પછી રજૂ થઇ અને બોક્સ ઑફિસ પર પીટાઇ ગઇ હતી. બોલિવૂડની જે જે સેલિબ્રિટીઝે આ ફિલ્મના રશ પ્રીન્ટ જોયા છે એ સૌ રણબીર કપૂરના અભિનયની પ્રશંસા કરતાં થાકતી નથી. આ લોકો કહે છે કે આ ફિલ્મ અચૂક રણબીરની તકદીર બદલાવી નાખશે અને એ ફરી ટોચનો અભિનેતા બની જશે.

સંજીવની
દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો વિપુલ વાંચન આપે છે...
આપની તંદુરસ્તીની માર્ગદર્શન....



# રોજ સવારે હૂંફાળા પાણી સાથે મધ મેળવી પીવાથી થતાં ફાયદા

આપણામાંથી મોટાભાગના લોકોને માત્ર એટલી જ ખબર હોય છે કે સવાર-સવારમાં માત્ર ગરમ પાણી પીવાથી જ આપણને ફાયદો થાય છે અને ઘણાં બધા લોકો એટલું જ જાણે છે કે મધનો ઉપયોગ કરવાથી આપણી ત્વચામાં નિખાર આવે છે

મધ આપણા દેશમાં એક પ્રાકૃતિક ઔષધિ તરીકે સદીઓથી ઉપયોગમાં લેવાતું રહ્યું છે. આપણામાંથી મોટાભાગના લોકોને માત્ર એટલી જ ખબર હોય છે કે સવાર-સવારમાં માત્ર ગરમ પાણી પીવાથી જ આપણને ફાયદો થાય છે અને ઘણાં બધા લોકો એટલું જ જાણે છે કે મધનો ઉપયોગ કરવાથી આપણી ત્વચામાં નિખાર આવે છે.

પરંતુ શું આપ જાણો છો કે જો મધને ગરમ પાણી સાથે મેળવી ઉપયોગ કરવામાં આવે તો તેની પૌષ્ટિકતા ખૂબ વધી જાય છે. હા જી, મધ અને ગરમ પાણીને મેળવીને પીવાથી આપણે આખો દિવસ તરોતાજા અનુભવીએ છીએ અને આપણું આરોગ્ય પણ બિલકૂલ બરાબર રહે છે.

જો આપણે તમામ ડાયેટ એક્સપર્ટ્સની વાત કરીએ તો તેમનું માનવું છે કે બાકીની ખાવા-પીવાની વસ્તુઓની સરખામણીમાં મધ વધુ પ્રભાવશાળી છે કે જેનાથી આપણા વાળ અને આપણી

.અનુસંધાન પાના નં.૬ ઉપર

# હોમિયોપેથી વિશે માહીતી તેમજ તથ્યો

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

ઘણા લાંબા સમયથી આપને રખેવાળ માધ્યમ દ્વારા 'હોમિયોપેથીક ચિકીત્સા પદ્ધતિ હોમિયોપેથીથી અસાધ્ય રોગોમાં ફાયદો થયાના રસપ્રદ કિસ્સાઓ વિશે ખુબ જ રૂચિપુર્વક અને જ્ઞાનવર્ધક લેખમાળા પીરસવામાં આવી અને વર્ષોથી અનેક સુજ્ઞવાંચકો, જિજ્ઞાસુમિત્રોએ ખુબ જ રસપુર્વક આ લેખમાળાઓને રસપુર્વક વાંચી તેમજ અનેક પત્રો દ્વારા 'હોમિયોપેથીક એક સરળ ઉપચાર' ને હૃદયપુર્વક સ્વીકારી. અમને વાંચક મિત્રોએ હોમિયોપેથી વિશે જે ઉત્સાહ, જીજ્ઞાસા સાથે પ્રતિભાવો મળ્યા તેનું ખુબ જ આનંદ થયો. વર્ષોથી 'રખેવાળ' દ્વારા આપણે એકબીજાના સંપર્કમાં રહેવા તેનો આનંદ અને સંતોષ થયો.

મિત્રો અમારી વ્યસ્તતાને લીધે આ લેખથી અમે વિદાય લઈ રહ્યા છીએ. આ અમારી છેલ્લી લેખમાળા રહેશે, ભવિષ્યમાં હોમિયોપેથી વિશે સલાહ, સુચનની જરૂરત લાગે તો અમને અવશ્ય યાદ કરશો અમે તમારા પ્રશ્નો તેમજ રોગોનું 'હોમિયોપેથી' દ્વારા નિરાકરણ કરવાના પ્રયત્નો કરીશું.

'હોમિયોપેથી'ની એક ઝલક તેમજ તથ્યો'

વર્ષોથી આ કોલમમાં અમે વારંવાર હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિ તેમજ તેના તથ્યો વિશે માહિતી આપી છે પણ આજે વિદાય વેળા 'સંક્ષિપ્ત' માં થોડાં તથ્યો રજુ કરીએ છીએ.

૧.હોમિયોપેથી ચિકિત્સાનો આવિષ્કાર આજથી ૨૫૦ વર્ષ પહેલાં જર્મનીની એલોપેથીક ડૉકટર સેમ્યુઅલ હનેમાને કરેલો તેથી એલોપથીની એમ.ડી.ડીગ્રી ધરાવતા હતા.

૨. હોમીયોપેથી 'સીમીલીયા' સીમાલીબસ કયુરેન્ચેર ના સિદ્ધાંત ઉપર કામ કરે છે.

૩. કોઈપણ પદાર્થ, ધાતુ, વનસ્પતિ કે મીનરલના અર્કના સુક્ષ્મ અણુ દ્વારા આ દવા માનવ શરીરમાં જ્ઞાનતંતુઓ દ્વારા કાર્ય કરે છે.

૪. આ દવા શરીરના અંગોમાં ઉત્પન્ન થતા 'સાઈન્સ અને સીમ્પટન્સ' (જેને લક્ષણો) કહેવામાં આવે છે તેના ઉપર કામ કરે છે.

૫. રોગોના પગથી માથા સુધી જે લક્ષણો ઉત્પન્ન થાય તેને તથા દર્દીની રૂચિ, સ્વભાવ, માનસિક લક્ષણો, દર્દીની સંવેદનશીલતાનો સંપૂર્ણ અભ્યાસ કરી દવાની પસંદગી કરવામાં આવે છે.

૬. આ દવા નિર્દોષ છે. આ દવાની આડઅસર થતી નથી. આ દવા કોઈપણ ચિકિત્સા પદ્ધતિ કે જે એલોપેથીક આયુર્વેદિક યુનાનીની દવાઓ સાથે પેરેલલ દવા આપવામાં આવે છે. પેરેલલ દવા આપવાથી કોઈ જ આડઅસર કે નુકશાન થતું નથી.

૭. આ દવા લેતી વખતે મોંઢામાં કોઈ અન્ન કે સુગંધી ખાદ્ય પદાર્થોની ગંધ હોય તો આડઅસર થતી નથી પણ દવાનું જે પરીણામ જલદી જોઈતું હોય તેમાં વિલંબ થાય છે.

૮. હોમિયોપેથીક દવા લેતા સમયે લસણ, ડુંગળી કાંચા તેમજ કોફી કે ચોકલેટ ન લેવાય.

૯. હોમિયોપેથીક દવા ફકત બહારથી દબાવતી નથી પણ રોગને અંદર મુળમાંથી બહાર કાઢી પછી મટાડે છે.

દાખલા તરીકે ૧. જે લોકો વર્ષોથી ચામડીના રોગોથી પીડાતા હોય અને બહારથી આઈન્ટમેન્ટ કે પ્રવાહી લગાવવાથી ટેમ્પરરી દબાયેલું હોય તેને શરૂઆતમાં દવા મુળમાં જઈ રોગને બહાર કાઢે, શરૂઆતમાં ચામડીનો રોગ બહાર નીકળે ત્યારબાદ નિયમિત કોર્ષ કરવાથી સંપુર્ણ મુળમાંથી મટે છે.

આજ રીતે વા, સંધિવા, પેટના રોગો કે જે વર્ષોથી હોય

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ઠંડીમાં વજન વધારો

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

આયુર્વેદ ના આચાર્ય જયારે એમ કહે કે," એટલેકે આંખ ને વિશેસ કરીને કફ નો ભય હોયછે. આ સૂત્ર વૈદ્ય વાંચી ને વિચાર કરેછે કે અહીં આંખ ની સાથે કાન, નાક, ગળું, દાંત, પેઢા, જીભ અને તમામ માનસિક રોગો થવામાં મુખ્ય કારણ કફ નો સૌ પ્રથમ વિચાર કરવો જોઈએ.

આંખ માં તેજ મહાભૂત છે તો કાન માં આકાશ મહાભૂત નું સ્થાન છે. પૃથ્વી ને જળ પકડી શકાય, તેજ ને જોઈ શકાય, વાયુ નો અનુભવ કરી શકાય જયારે આકાશ નો અનુભવ પણ કરી શકતા નથી તો પછી કાન ના રોગો ને સમજવા, સારવાર કરવી ને મૂળ થી મટાડવા તે આકાશ ને સ્પર્શ કરવા જેટલું અઘરું છે ને તેથી જ કાન ના રોગો નથી તો ઓપરેશન થી સંપૂર્ણ મટતા કે નથી બહેરાશ કે નથી કાન માં અવાજ આવવો જેવા રોગો ની થતી મૂલગામી સારવાર.

પરંતુ જયારે શરદી થાય કે અપાન વાયુ અવળો થવાથી કાન, નાક, આંખ ની કુદરતી ચિકાશ બહાર ના કચરા સાથે કે કફ સાથે બહાર નીકળે છે તેને સાદી ભાષા માં કાન, નાક કે આંખ ની શરદી કહીએ તોય ખોટું નથી. એટલેકે કાન માં થી રસી આવે, ખંજવાળ આવે, નાક બંધ થાય, છીંકો આવે, નાક માં સોજો આવે, નાક નો પડદો વાંકો થાય, આંખ માં ખજવાળ, પાણી, સાજો થઈ આવે.... આ બધાજ એકબીજા સાથે જોડાયેલા રોગો છે જાણે ચાર બાજુ ચાર ઓરડા અને મધ્ય માં સૌની સહિયારી ઓસરી.

- કાન ની રસી... .આ રસી- પૂય એ વાયુ, પિત્ત, કફ , ત્રણેય દોષ અને રક્તદોષ થી થાય છે. આ કર્ણ પૂય ઝડપ થી નહિ મટાડવા થી કાન ના અંદર ના અને પાસે ના હાડકા માં સોજો, સડો ને બહેરાસ થાય છે. કાન ના પડદા માં કાણું તો તરતજ થઈ જાયછે.તેથી તત્કાળ આયુર્વેદ સારવાર થી મૂળ થી, ઝડપથી મટે છે અન્યથા ઓપરેશન પછી પણ કાયમી દર્દ દૂર થતું નથી. ઝડપથીને મૂળ માંથી દર્દ નહિ મટાડવાથી આંખ ને અને માનસિક શક્તિ ને ખૂબજ નુકશાન થવા સંભવ છે.
- ઠંડુ પાણી, ઠંડા પીણા, દહીં, ભેંસ નું દૂધ, અડદ, મીઠાઈ, ડુંગળી, કેળાં નું સેવન કરવું નહિ અને કાનમાં પવન, પાણી પ્રવેશ કરે નહિ તે કાળજી લેવી, કાન માં ચોવીસે કલાક રૂ રાખવું. મૌન રાખવું ને બ્રહ્મચર્ય નું પાલન કરવું તે કાન ના તમામ રોગો ની પ્રાથમિક પરહેજ છે.
- નિષ્ણાત વૈદ્ય ના માર્ગદર્શન થી હરડે, સુંઠ, ત્રિફલા ચૂર્ણ, ત્રિફલા ગુગલ, કાંચનાર ગુગલ, કિશોર ગુગલ, ત્રિકટુ, શૃંગ ભસ્મ, સાટોડી, સારિવા, ગળો, અરડુશી, તુલસી, રસાયણ કર્મ કરનાર સુવર્ણ ભસ્મ માં થી તૈયાર થતી ઔષધિઓ અને ચ્યવનપ્રાશ જેવા ઔષધો નું પદ્ધતિસર નિયમિત સેવન કરવાથી અને જરૂર જણાય તો પંચકર્મ પદ્ધતિ થી વમન, વિરેચન કરવાથી પ્રાયઃ રોગ મટી જાયછે.
- આયુર્વેદ અને શ્રીમદ્ ભગવત ગીતા નો એક શ્લોક કાન, નાક, ગળું, આંખ ને માથા ની તંદુરસ્તી માટે નો સામાન્ય લાગેછે...

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# એનેમિયા એટલે શું ?

**સાઈકોથેરાપીસ્ટ**

તમને થાક લાગે છે શરીરમાં સ્ફૂર્તિ લાગતી નથી તો તમારા શરીરમાં આયર્ન ઓછું હશે. કેટલાક લોકોમાં થાક ક્યારેક ઓછો થતો નથી. તેનાથી તેમના જીવનની ગુણવત્તા પ્રભાવિત થાય છે. થાકની સમસ્યા પુરૂષો કરતાં મહિલાઓને વધારે થાય છે

થાક લાગવાનું સૌથી સામાન્ય કારણ છે આર્યનની ઉણપ એટલે કે એનિમિયા. તે ૨૦માંથી એક પુરૂષ અને મેનોપોઝના સ્તરે પહોંચેલી મહિલાઓને થાય છે. ગર્ભવતી મહિલાને પણ એનિમિયા થાય છે. તમને થાક લાગે છે અને શરીરમાં સ્ફૂર્તિ લાગતી નથી તો તમારા શરીરમાં આયર્ન ઓછું હશે. કેટલાક લોકોમાં થાક ક્યારેક ઓછો થતો નથી. તેનાથી તેમના જીવનની ગુણવત્તા પ્રભાવિત થાય છે. થાકની સમસ્યા પુરૂષો કરતાં મહિલાઓને વધારે થાય છે. થાક કેટલાક શારીરિક અને મનોવૈજ્ઞાનિક કારણોથી થાય છે. તમે આવા કારણો જાણીને પોતાની જીવનશૈલીમાં પરિવર્તન લાવી શકો છો. થાકના કારણો : ● શરીરનું વજન સામાન્ય કરતાં વધારે હોય. ● થાઈરોઈડ ગ્રંથિ યોગ્ય રીતે કામ કરતી ના હોય. ● હૃદયરોગ, માનસિક તણાવ, ચિંતા, અવસાદ અને અનિંદ્રા. ● વધારે પડતા કેફીન અને આલ્કાહોલીક પદાર્થોનું સેવન કરવાથી અનિદ્રાની સમસ્યા થાય છે અને થાક લાગે છે. ● પેટ અને છાતીનું સંક્રમણ. ● શક્તિશાળી પેનકિલરનું સેવન કરવાથી શરીરમાં આડઅસર થાય છે. ● કેન્સરની સારવાર જેવી કે કેમોથેરાપી અને રેડિયોથેરાપી.

● દારૂ અને તમાકુનું વધારે સેવન કરવું. ● ડાયાબિટીસના દર્દીના લોહીમાં સુંગરની માત્રા વધી જવી. ● દવાઓની આડઅસર વિશેષ કરીને માઈગ્રેન અને હાઈબ્લડપ્રેશર માટેની દવાઓમાં રહેલા રસાયણો. ● ડાયરિયા, એનિમિયા અને વાયરલ ફીવર. ● માનસિક અને શારીરિક તણાવ. ● શરીરમાં વિટામિન, મિનરલ અને પોષકતત્ત્વોની ઉણપ. ગર્ભાવસ્થા. ● શરીરનો થાક ગંભીર બીમારીનો સંકેત પણ હોઈ શકે છે. તેથી થાક લાગવાથી બીમારી લાંબા સમયથી હોય તો તમે ડોક્ટર પાસે જઈને તેની સારવાર કરાવો. ● એનેમિયા, કેન્સર, ડાયાબિટીસ, હાઈપો થાઈરોડિઝમ, મલ્ટીપલ સ્કેલેરોસિસ વગેરે બીમારીમાં વ્યક્તિને થાક લાગે છે.

**થાકના લક્ષણો :** ● શરીરમાં ઉર્જા ઓછી હોય. કોઈપણ કામ કરવા માટે ઉત્સાહ ના થાય. ● ઊંઘ વધારે આવવી. ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઓછી થવી. ● નિર્ણય શક્તિ ઓછી થવી. ● ઘરના નાના કામ કરવાથી પણ થાક લાગે. થાકથી બચવાના ઉપાય : ● કોઈપણ બીમારીથી બચવા માટે કસરત કરવી જરૂરી છે. એક અઠવાડિયામાં ૧૫૦ મિનિટ કે અડધા કલાક સુધી કસરત કરવામાં આવે તો શરીર સ્વસ્થ બની રહે છે. ● ધ્યાન, યોગ કરીને મનને શાંત રાખવાની કોશિશ કરો. ● પોષકતત્ત્વો યુક્ત ભોજન કરો જેમાં કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, વસા, મિનરલ અને વિટામિન સંતુલિત માત્રામાં મળતા હોય. ● પોતાના આહારમાં વધારેમાં વધારે ફળ અને શાકભાજીને સામેલ કરો. ● અનિંદ્રા થાકનું મુખ્ય કારણ છે. પોતાના સૂવાનો અને જાગવાનો એક નિયમ બનાવો. ● પોતાના શરીરને ઉર્જા આપવા માટે ત્રણ-ચાર કલાકે કંઈક ખાતા રહો. ● ચિતા અને તણાવ તમારી ઉર્જાને ઓછી કરે છે તેથી હંમેશા આનંદમાં રહેવાની કોશિષ કરો. શાંત રહેવાથી તમારી ઉર્જાનું સ્તર વધે છે. ● પાણી વધારે પીવો. પાણીથી તમારી ઉર્જા જળવાઈ રહે છે. ● સવારનો નાસ્તો આખો દિવસ સક્રિય રહેવા માટેની ઉર્જા પ્રદાન કરે છે. નાસ્તો એવો કરો કે જેમાં પ્રોટીન અને ફાઈબરની માત્રા જળવાઈ રહે. સુગર અને વસાની માત્રા ઓછી હોય. ● વધારે પડતો પરિશ્રમ ના કરશો તેનાથી તણાવ પેદા કરનાર હોર્મોન કોર્ટિસોલનું સ્તર વધે છે. આયર્નની ખામી : શરીરમાં આયર્ન ઓછું હોય તો એનેમિયા થાય છે. મહિલાઓ પ્રતિદિન ૧૮ મિલિગ્રામ અને પુરૂષો ૮ મિલિગ્રામ આયર્ન લે તો તેમના શરીરને કામ કરવા માટે સંઘર્ષ કરવો પડે છે. માંસ, લીલા પાંદડાવાળા શાકભાજી આયર્ન મેળવવા માટેના સારા સ્ત્રોત છે. આર્યન હિમોગ્લોબિનના નિર્માણ માટે જરૂરી છે. હિમોગ્લોબિનનું સ્તર આપણા ઉર્જાના સ્તરને પ્રભાવિત કરે છે. કારણ કે તે ઓછુ હોય તો આપણા શરીરને જોઈએ તેટલો ઓક્સિજનનો પુરવઠો મળતો નથી. બાળકોમાં થાક : અનિંદ્રાથી શરીરની જૈવિક ક્રિયાઓ પ્રભાવિત થાય છે. આ જ થાકનું મુખ્ય કારણ છે. અપેક્ષાઓ અને અભ્યાસના વધારે પડતા ભારને કારણે બાળકો અનિંદ્રાનો ભોગ બને છે. માતા-પિતા પણ તેમને જીવનની પ્રતિસ્પર્ધામાં ઉતારીને તેમનું બાળપણ છીનવી લે છે. જેના પરિણામે સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. એનર્જી ડ્રીક અને સપ્લીમેન્ટ : કેટલાક લોકો થાક લાગે ત્યારે એનર્જી ડ્રીન્ક પીતા હોય છે. આ એનર્જી ડ્રીન્ક સુગર અને કેફીન પદાર્થોથી ભરપૂર હોય છે જે થોડા સમય માટે તમને એનર્જી આપે છે. પરંતુ ત્યારપછી તે તમારા માટે સમસ્યાઓ ઊભી કરે છે. કેફીનના સેવનથી બ્લડપ્રેશર વધી જાય છે અને સુગર વજન વધારવાનું કામ કરે છે. વિટામિનની ગોળીઓ પણ ડોક્ટરની સલાહ લીધા વિના ન ગળવી જોઈએ. એક સામાન્ય નિયમ એવો છે કે તમે ભોજનમાંથી બધા વિટામિન મેળવો. પોતાના આહારમાં ફળો અને શાકભાજી વધારો તો તેમાં ભરપૂર પ્રમાણમાં વિટામિન, ફાઈબર અને મિનરલ હોય છે.

# આંખના રેટિનામાં થતું કેન્સર

**મન બિલોરી કાચ**

નવજાત બાળકથી લઈને ૧૫ વર્ષના કિશોરને થતું આ ઘાતક કેન્સર છે. આ કેન્સર દર ૧૫,૦૦૦ કે ૧૮,૦૦૦ બાળકો પૈકી એકમાં જોવા મળે છે. આ કેન્સરનું નિદાન જો યોગ્ય સમયે થઈ જાય અને વ્યવસ્થિત ઈલાજ થાય તો બાળકને બચાવાની શક્યતા ૯૫ ટકા જેટલી રહે છે. મોટા ભાગના કેસમાં ફક્ત બાળકને જ નહીં, તેની દૃષ્ટિને પણ બચાવી શકાય છે

કેન્સર એક એવા રોગનું નામ છે જે દુશ્મનને પણ ન થાય એવી પ્રાર્થના લોકો કરતાં હોય છે. કેન્સર સામે ટકવું, એની સારવાર અને એ આખી પ્રક્રિયામાંથી પસાર થઈને જીવન જીતવાની જે લડાઈ છે એ લડાઈ સાધારણ નથી હોતી. પરંતુ આ લડાઈ જો એક નવજાત બાળકને લડવી પડે તો? આ વિચાર જ કંપાવી દે એવો છે. એક નાનું બાળક કે જે જન્મ્યું છે તેને સામાન્ય શરદી જેવો પણ રોગ ન થાય એવી તેની નાનામાં નાની કાળજી રાખતાં માતા-પિતાને જ્યારે ખબર પડે કે તેમના બાળકને કેન્સર છે એ પણ આંખ જેવા કોમળ ભાગમાં તો તે માતા-પિતા પર શી વીતતી હશે એ કલ્પના બહારની વસ્તુ છે. વિશ્વમાં બાળકોને થતાં કેન્સરમાં ૪ ટકા કેન્સર રેટિનોબ્લાસ્ટોમાં એટલે કે આંખના રેટિનામાં થતું કેન્સર છે. વિકસિત દેશ અમેરિકામાં વાર્ષિક ૨૫૦-૩૦૦ કેસ રેટિનોબ્લાસ્ટોના જોવા મળે છે. ભારતમાં એનું પ્રમાણ બેથી ત્રણ ગણું વધારે હોવાનું મનાય છે. અમુક આંકડાઓ મુજબ દર ૧૫,૦૦૦ કે ૧૮,૦૦૦ બાળકે એક બાળક રેટિનાના કેન્સરનો ભોગ બને છે. એનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે અમેરિકામાં રેટિનોબ્લાસ્ટોમાં હોવા છતાં જીવી જનારા બાળકોનું પ્રમાણ ૯૫ ટકા છે જ્યારે ભારત જેવા દેશમાં એની શક્યતા ૫૦ ટકા જેટલી છે.

**કઈ રીતે થાય?** નવજાત બાળકથી લઈને ૧૫ વર્ષના બાળક સુધી આ રોગ થઈ શકે છે. આપણી આંખમાં કીકીની પાછળ રેટિના આવેલું હોય છે. રેટિના પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે જે દૃશ્યની તસવીર લે છે અને એને મગજ સુધી પહોંચાડે છે. આ રેટિનામાં થતું કેન્સર એટલે જ રેટિનોબ્લાસ્ટોમા. બાળકને આ કેન્સર કઈ રીતે થાય છે? માતાના ગર્ભમાં જ્યારે બાળકના રેટિના વિકસિત થઈ રહ્યાં હોય ત્યારે રેટિનોબ્લાસ્ટ્સ નામના કોષો વિભાજિત થઈને નવા કોષો બનતા હોય છે. એક સમય એવો આવે છે જ્યારે એ વિભાજિત થવાનું છોડી દઈને પુખ્ત રેટિનલ કોષોમાં રૂપાંતર પામે છે. હવે કોષો પુખ્ત થવાની આ પ્રોસેસ આડી-અવળી થાય તો અમુક કોષો વિભાજિત થવાની પ્રક્રિયા ચાલુ જ રાખે છે, જેને કારણે આ કોષોની ગાંઠ બને છે જે કેન્સર છે. આ રવિયા રોગ બાળકને જન્મજાત હોઈ શકે છે. જન્મ્યા બાદ થોડા વર્ષ પછી પણ એ સામે આવી શકે છે. કારણો કયા બાળકોને આ રોગ થવાની શક્યતા રહેલી છે? જિનેટિક પરિવર્તનને કારણે આ રોગ થઈ શકે છે. ખાસ કરીને જીન્સની અંદર કોઈ પરિવર્તન આવે તો આ રોગ થઈ શકે. વળી જો આ જીન્સની અંદર પરિવર્તનને કારણે રેટિનોબ્લાસ્ટોમા થયું હોય તો એ બન્ને આંખમાં થવાની સંભાવના વધી જાય છે. એટલું જ નહીં, એને કારણે આંખમાં એક કરતાં વધારે ટ્યુમર હોવાનું જોખમ પણ વધી જાય છે. આ જીન્સમાં પરિવર્તનની પ્રક્રિયા વારસાગત આવી છે, એટલે કે જેના માતા-પિતાને આ કેન્સર થયું હોય એ બાળકોને

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# શિયાળામાં રોજ એક જામફળ ખાવાથી વજનમાં ઘટાડો થવાની સાથે આ ફાયદા થશે

**આરોગ્ય સંહીતા**

વ.ન્યુ અમદાવાદ ઠંડીની શરૂઆત થતાં જ બજારમાં તમામ પ્રકારના લીલા શાકભાજી, ફળફળાદી મળવા લાગે છે. આ ઋતુમાં પાચનક્રિયા ઝડપથી થતી હોવાથી ભુખ પણ વધારે લાગે છે. શિયાળામાં મળતાં ફળમાંથી સૌથી વધારે લાભકારક હોય છે જામફળ. જામફળ ખાવામાં સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્ય અને સૌંદર્ય માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. આ ફાયદા વિશે જાણીને તમે પણ આજથી જ શરૂ કરી દેશો જામફળ ખાવાની.

વજન ઘટાડે છે :જામફળ વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેમાં કેલેરીનું પ્રમાણ ઓછું હોય છે. પરંતુ તેને ખાવામાં ભારે હોય છે જેથી વારંવાર ભુખ લાગતી નથી. એક જામફળ પણ તમારું પેટ ભરી દે છે.

**ડાયાબિટીસ :**જામફળમાં ફાયબર ભરપૂર માત્રામાં હોય છે જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક હોય છે. જામફળ ખાવાથી શરીરમાં શુગરની માત્રા પણ નિયંત્રણમાં રહે છે.

**કબજિયાત :**જામફળમાં નાના-નાના બી હોય છે. તેનાથી પેટની સમસ્યાઓ દૂર થાય છે. આ બી પેટમાં જઈ આંતરડાની સફાઈ કરે છે જેથી કબજિયાતની સમસ્યા દૂર થઈ જાય છે.

**દાંતના દુખાવામાં રાહત :**જામફળમાં રહેલા કેટલાક તત્વો દાંતના ઈન્ફેકશનને દૂર કરવામાં મદદરૂપ હોય છે. જામફળના પાંદડાનો રસ કાઢી અને દાંત સાફ કરવાથી દાંત અને પેઢાની સારી રીતે સફાઈ થાય છે અને સડો પણ દૂર થઈ જાય છે.

**મગજ માટે ફાયદાકારક :**જામફળમાં રહેલા વિટામીન મગજને રીલેક્ષ કરે છે અને મેમરી પાવર વધારે છે. તેને ખાવાથી રક્ત પરીભ્રમણ પણ સારી રીતે થાય છે.

# સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

બીજા ત્રણ મહીના પણ આ રીતે સફળતાથી પુરા થતાં ગુરૂએ તેને શાબાશી આપી અને કહ્યું, બેટા ! હવે મારી તાલીમના આ છેલ્લા ત્રણ મહીના છે. તારે હવે મારી તલવારના ઘાથીપહેલાની જેમ જ દિવસે અને રાત્રે પણ બચવાનું છે પરંતુ મારી તલવાર બદલાઈ જશે. હવે લાકડાની જગ્યાએ લોખંડની અસલી તલવાર હું રાખીશ અને તેનાથી વાર કરીશ.. તારે ડરવાનું છે ? આ સાંભળી રાજકુમારના શરીરમાંથી ભય અને ડરના માર્યા ધ્રુજારી પસાર થઈ ગઈ પરંતુ રાજકુમાર તેમ કંઈ હિંમત હારે તેવો નહોતો તે તૈયાર થઈ ગયો.

ડરમાં અને ડરમાં શરૂઆતમાં તો તેને ઉંઘ ન આવતી પરંતુ ધીમે ધીમે તે ઉંઘમાં પણ સંપુર્ણ સજગ રહેવા લાગ્યો અને જેવા ગુરૂ તેના કક્ષમાં દાખલ થાય કે તરત જ તેની આંખો ખુલી જતી અને તે ઢાલથી પોતાનું રક્ષણ કરી લેતો આમ કરવામાં તે પારંગત બની ગયો. કયારેય તે નિષ્ફળ જતો. હવે છેલ્લા ત્રણ મહીનાનો અંત એકદમ નજીક હતો. એક દિવસ ગુરૂ દિવસે તાલીમ આપી રહ્યા હતા. તે દરમ્યાન એક શિષ્યને સાપે ડંખ દીધો અને તે પડી ગયો. ગુરૂએ તરત જ તેને ખોળામાં લઈ લીધો અને તેની સારવાર કરવા લાગ્યા.

આ સમયે રાજકુમારને વિચાર આવ્યો.. આ ગુરૂજી આપણી પરીક્ષા કરે છે કે તેમની તલવારનો એકે વાર શરીર પર ન થાય, તે માટે પુરતું ધ્યાન રાખવાનું છે. તો હવે આજે હું પણ તેમની પરીક્ષા કરૂં કે તે કેટલા સજગ છે ? તેણે તેની બાજુમાં પડેલી તલવાર ઉઠાવીને અને ગુરૂ તરફ ઉગામવા ગયો. તે સમયે ગુરૂજી વિપરીત દશામાં મોં રાખીને બેઠા હતા. છતાં સતત જાગૃત રહેતા ગુરૂજીએ મોં ફેરવ્યા વિના શાંતિ અને સ્વસ્થતાથી કહ્યું, બેટા ! હું હવે ઘરડો થયો છું અને તારી તલવારનો ઘા થઈ રહ્યો છે. તે જાણું છું છતાં ઢાલ ઉપાડી, તેનાથી મારૂં રક્ષણ કરવામાં કદાચ ઓછો સક્ષમ છું !

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ઘરેલુ ઉપચાર - અસ્થમા પર કંટ્રોલ કરવાના ઘરેલુ ઉપચારો

**આરોગ્ય**

દમાનો કોઈ કાયમી ઈલાજ નથી પણ તેના પર નિયંત્રણ અચૂક કરી શકાય છે જેથી દમાથી પીડાતી વ્યક્તિ સામાન્ય જીવન જીવી શકે. દમા અર્થાત્ અસ્થમાનો હુમલો થવાથી શ્વાસનળી સંપૂર્ણપણે બંધ થઈ શકેછે જેનાથી શરીરના મહત્વપૂર્ણ અંગોમાં ઓક્સિજન પહોંચવાનું બંધ થઈ જાય છે. ચિકિત્સાની દ્રષ્ટિએ આ એક મુશ્કેલીભરી સ્થિતિ છે. દમાના હુમલાથી દર્દીનું મૃત્યુ થઈ શકે છે. આમ તો દમાનો ઉપચાર ડોક્ટરી સલાહ-સૂચનથી કરવો યોગ્ય રહેશે પણ તેને કન્ટ્રોલ કરવા માટેના કેટલાક ઘરેલુ ઉપચારો પણ છે જે બહુ લાભદાયક છે.

જેમ કે...

૧. મધ એક સૌથી સરળ ઘરેલું ઉપચાર છે જે અસ્થમાના ઈલાજ માટે વપરાય છે. અસ્થમાનો હુમલો થતાં મધવાળા પાણીનો નાસ લેવાથી ઝડપથી રાહત મળે છે. આ સિવાય દિવસમાં ત્રણવાર એક ગ્લાસ પાણી સાથે મધ મિક્સ કરી પીવાથી બીમારીમાંથી રાહત મળે છે. મધ કફનો ઈલાજ કરે છે અસ્થમાની પરેશાની સર્જે છે.

૨. એક કપ ઘસેલા મૂળામાં એક ચમચી મધ અને લીંબુનો રસ મિક્સ કરી ૨૦ મિનિટ સુધી ગરમ કરો. આ મિશ્રણને રોજ એક-એક ચમચી કરીને ખાઓ. આ ઈલાજ બહુ અસરદાર છે.

૩. આખી રાત એક ગરમ પાણીવાળા ગ્લાસમાં

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વડગામ બેઠક...

પાના નં.૧ ચાલુ

લઈ રવિવારે એદ્રાણા ગામે આવેલ ફાર્મ ઉપર સેંકડો યુવાનોની એક બેઠક યુવા એકતા સંગઠનના અગ્રણી પચાંણભાઈ એસ.પટેલના નેતૃત્વ હેઠળ મળી હતી. જેમાં વિવિધ સમાજના યુવાનો ઉપસ્થિત રહી જીજ્ઞેશ મેવાણીનો જોરદાર વિરોધ કર્યો હતો. જીજ્ઞેશ મેવાણીને રાષ્ટ્રવિરોધી તેમજ સમાજમાં વિભાજન કરનાર તરીકે ગણાવ્યો હતો. બેઠકમાં સ્થાનિક ઉમેદવારને મત આપવા અપીલ કરાઈ હતી. બેઠક દરમ્યાન સંગઠન દ્વારા બિનરાજકીય ચર્ચાઓ કરવા સાથે મેવાણી દ્વારા સમાજમાં વિભાજન ઝેર ફેલાવનાર તેમજ રાષ્ટ્રવિરોધી તત્વો સાથે મળી દેશમાં જાતિ જાતિ વચ્ચે વિભાજન કરવાનો આક્ષેપ કરાયો હતો. વડગામ બેઠક ઉપર દલિત યુવા નેતા જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા કોંગ્રેસના પદાધિકારી ઓ સહિત પાયાના કાર્યકરો નારાજ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. રવિવારે કોંગ્રેસ દ્વારા મેવાણીને સમર્થન કરવા વડગામ ખાતે એક બેઠકનું આયોજન કરાયાનું પણ જાણવા મળે છે. યુવા એકતા સંગઠનની બેઠકમાં મેવાણીના વિરૂધ્ધમાં ભારે સુત્રોચ્ચાર પણ કરવામાં આવ્યો હતો.

## ડીસામાં કોંગ્રેસ...

પાના નં.૧ ચાલુ

ઠાકોર સેનાના પ્રમુખ બચુજી, મોહબતભાઈ ખોખર પી.વી.રાજગોર વિગેરેએ પ્રાસંગિક પ્રવચનમાં ભાજપની પોકળ વાતોને ઉજાગર કરી ગુ-જરાત સરકારની ખેડૂતો અને પ્રજા વિરોધી નીતિથી સમાજનો તમામ વર્ગ પાયમાલ થઈ ગયો છે. તેથી હવે તેમની પોકળ વાતોમાં ન ફસાવાની હાકલ કરી હતી. કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈએ પણ ભાજપને પ્રજા વિરોધી ગણાવી સમાજનો તમામ વર્ગ દુઃખી દુઃખી થઈ ગયો છે તેથી ભાજપના શાસનને ફગાવી કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા આહવાન કર્યુ હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં મતદાર ભાઈ - બહેનો, વેપારીઓ, ખેડૂતો, કોંગ્રેસના વિવિધ સેલના હોદ્દેદારો અને કાર્યકર હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન પાલિકાના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ ભરતીયાએ કર્યુ હતું.

## ડીસા શહેરમાં ...

પાના નં.૧ ચાલુ

પલટન મંદિર, વાડીરોડ ટેકરા, શ્યામ બંગ્લોઝ, નવાવાસ, વેલુનગર, અમૃતનગર, અંબી-કાચોક જ્યાં પણ મીટીંગ હોય ત્યાં તમામ મીટીંગોમાં સમસ્ત પ્રજાનો ઉમળકો સ્વયંભૂ જણાઈ આવે છે. ડીસા શહેરની પ્રજા જંગી મેદની રૂપે હાજર રહીને જે ઉત્સાહ બતાવે છે એ જોતા ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈના વિજય માટે મતપેટીઓ છલકાવી દેશે તેવા મંગલમય એંધાણ વર્તાઈ રહ્યા છે. દરેક વોર્ડમાં પ્રજામાં જે ઉત્સાહ દેખાય છે તે માટે શશીકાંતભાઈની હિન્દુ નિષ્ઠા અને નાનામાં નાના માણસની કામ કરવાની તત્પરતા ઉપરાંત દરેક વોર્ડમાં ભાજપના જે કોર્પોરેટરો ચુંટાયા છે તેમની પ્રજા લક્ષી કામગીરી પણ યશની ભાગીદાર છે. ડીસા ન.પા. પ્રમુખ પ્રવિણભાઈ માળીના નેતૃત્વ હેઠળ ભાજપની બોડીએ આ બધી વિકાસ કામગીરી કરી છે તેથી પ્રજામાં ભાજપની ઉજ્જવળ છાપ બની છે. તે ઉજ્જવળ છાપ શશીકાંતભાઈની નિષ્ઠાને ભવ્ય વિજયી બનાવશે જ. દિવસે દિવસે ડીસામાં ભાજપનો ચૂંટણી પ્રચારનો માહોલ અભૂતપૂર્વ બની રહ્યો છે. ડીસા ભાજપ મહિલા મોરચા દ્વારા બહેનો પણ દરરોજ વિવિધ કાર્યક્રમો દ્વારા સક્રિય કાર્યરત બની છે. ડીસા ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતિ રીનાબેન પટેલ, મહામંત્રી શ્રીમતી રીનાબેન પરમાર, ઉપપ્રમુખ કાંતાબેન પટેલ, મંત્રી શ્રીમતી જોલીબેન પટેલ, મંત્રી શ્રીમતિ અંજલીબેન આર.ઠાકોર, ગુજરાત બાળ વિકાસ આયોગ ડીરેક્ટર પ્રદેશ ભાજપ મહિલા અગ્રણી શ્રીમતિ રાજુલબેન દેસાઈ, ન.પા.સભ્ય અને સીનીયર મહિલા નેતા શ્રીમતી રંજનબેન ખત્રી પણ જનસંખ્યાના ૫૦ ટકા મહિલા વર્ગના મતો માટે સતત સક્રિય છે. ડીસા શહેરની આ લોક સંપર્ક મીટીંગોમાં ડીસા વિધાનસભા ભાજપના ઈન્ચાર્જ મગનલાલ માળી (ચેરમેન, ગુજરાત વેરહાઉસીંગ બોર્ડ), જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા ન.પા.પ્રમુખ પ્રવિણભાઈ માળી તેમજ ન.પા.ના તમામ સભ્યો તેમજ ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રીઓ ચેતનભાઈ ત્રિવેદી તેમજ અશોકભાઈ પટેલ સહિત સંગઠનના તમામ હોદ્દેદારો વોર્ડ વાઈઝ મીટીંગોની સફળતા માટે સતત સક્રીય રહીને અવિરત પરિશ્રમ ઉઠાવે છે.

## ચાણસ્મામાં અપક્ષ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

માજી ડેલીગેટ, અનારજી, ૪૨ ગોળ ઠા.સ.પ્ર.માનસંગજી, ડો.ભગવાનભાઈ પટેલ, હારીજ કોંગ્રેસ પ્રમુખ મુકુન્દભાઈ પટેલ,નંદુભાઈ મહેતા, શંભુજી ઠાકોર, કપુરજી ઠાકોર, લાલભાઈ પટેલ, ડી.કે.પટેલ, માધાભાઈ પટેલ, હારીજ ન.પા.પ્રમુખ મથુરજી ધીરાજી ઠાકોર તથા પાટીદાર સમાજના સરપંચો તથા કાર્યકરો તેમજ હારીજ વડાવલી સમી, પાડલા, ચાણસ્મા ધીણોજ, ટાકોદી,વિવિધ ગામોના મુસ્લિમ સમાજના આગેવાનો કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

૧૭ - ચાણસ્મા વિધાનસભામાં ત્રીપાંખીયો જંગ જામ્યો છે. શરૂઆતમાંજ સભામાં વિશાળ જનમેદની જે સ્વયંભુ જોડાઈ છે તેથી ઠાકોર દિનેશભાઈને ખરેખર ફાયદો કરાવી જાય તેવું સપષ્ટ ચિત્ર હાલમાં બન્યુ છે.

## વાવ બેઠક ઉપર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આમ દિન- પ્રતિદિન વાવ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને વ્યાપક જનસમર્થન સાંપડી રહ્યું છે. તેથી કોંગ્રેસના કાર્યકરો ગેલમાં આવી સોશ્યલ મીડીયા ઉપર ફોટાઓ પોસ્ટ કરી ચૂંટણી પ્રચારને વેગવંતો બનાવી દીધો છે.

## ધાનેરામાં વધુ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ગુટખા વિગેરે મળી કુલ રૂા.૧,૬૪,૦૦૦ નો મુદ્દામાલ ચોરી ગયા હોવાનું પ્રવિણભાઈ બાબુલાલ શાહે જણાવેલ આ બાબતની તેમણે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને દુકાનના રજીસ્ટરમાં માલ કેટલો હતો અને કેટલો ચોરાયો ? તેની દુકાન માલિકને સાથે રાખી તપાસ હાથ ધરી છે.

તસ્કરોના તરખાટથી નગરજનો અને વેપારીઓ ફફડી ઉઠ્યા છે તેથી રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવાની માંગ ઉઠવા પામી છે.

## થરાદના ગામડાઓમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તે પૂર્વે જમડા ગામે સ્થાનિક લોકોએ હર્ષોલ્લાસ સાથે બાઈક રેલી કાઢી તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ત્રણેય ગામોમાં આયોજીત સભામાં જનમેદની ઉમટી પડી હતી. જેમને સંબોધતા કોંગ્રેસના આગેવાનોએ ભાજપની ભ્રષ્ટ નીતિઓની ઝાટકણી કાઢી સરહદી પંથકના અનેક ગામો આજે પણ વિકાસથી વંચીત રહી ગયા છે. ત્યારે કોંગ્રેસ ઉમેદવાર જીતશે તો ભેદભાવ વગર તમામ ગામોનો વિકાસ કરાશે તેવી ખાત્રી આપી હતી. જેથી 'કોંગ્રેસ જીંદાબાદ' ના નારાઓથી ગગન ગૂંજી ઉઠતા સર્વત્ર પંજો છવાઈ ગયો હતો.

## ઠાકોર, દલિત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ડી.ડી.રાજપુતને ટીકીટ ફાળવી છે. પરંતુ તેનાથી નારાજ થઈને ગઈ ચૂંટણીમાં નજીવા મતે હારેલા માવજીભાઈ પટેલે અપક્ષમાં દાવેદારી કરી છે. જેથી આ બેઠક ઉપર ત્રિપાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. આ ત્રણ સિવાય બસપા અને યુવા સરકાર પાર્ટીના ઉમેદવાર સાથે બે પટેલ સમાજના અપક્ષ ઉમેદવારોએ પણ નસીબ અજમાવ્યું છે. તેથી સાત ઉમેદવારોની ટક્કરવાળી આ બેઠકના પરિણામ ઉપર બનાસવાસીઓની નજર મંડરાઈ છે.

## રાહુલ પાંચમીથી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

બેરોજગારી સહિતના મુદ્દાઓને લઈને મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરે તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષના પ્રચાર-પ્રસાર માટે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર ઝોનમાં ચૂંટણી પ્રવાસ ખેડી જાહેરસભાઓ, લોકસંવાદ અને વન ટુ વન લોકોને મળી કોંગ્રેસ તરફી ભારે લોકજુવાળ ઉભો કર્યો છે.

આ વખતના રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસને અભૂતપૂર્વ અને જબરદસ્ત પ્રતિસાદ અને સફળતા સાંપડયા હતા, તે તેમની જાહેરસભા અને રોડ શોમાં સ્વયંભુ ઉમટેલી જનમેદની પરથી જ સ્પષ્ટ થઈ જતું હતું. જેથી કોંગ્રેસે રાહુલ ગાંધીની વધતી જતી લોકપ્રિયતા અને ગુ-જરાતમાં તેમના પ્રચારની સફળતા બાદ ભાજપને પણ મોદી સહિતના મોટા સ્ટાર પ્રચારકો રણમેદાને ઉતારવા પડયા છે. તો બીજીબાજુ, ગુજરાતના કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને નેતાઓ રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતને અને પ્રથમ તબક્કાની બાકી રહેલી વિધાનસભા બેઠકોના વિસ્તારમાં તેમના પ્રચાર અભિયાનને સફળ બનાવવામાં જોતરાઈ ગયા છે.

## લાખણીના ગેળા...

પાના નં.૮ ચાલુ

શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં 'સોનામાં સુગંધ ભળી' એમ દિયોદર યુથ કોંગ્રેસના કાર્યકરોએ કોગ્રેંસ વિજયી'બને તેના માટે ડી.જે. ના તાલે પગપાળા યાત્રા યોજાઈ હતી અને બધા જ કાર્યકરો દર્શન કરી કાર્યાલયના ઉદ્ઘાટનમાં આવ્યા હતા ત્યાં તમામ જ્ઞાતિના આગેવાનોએ સભા સંબોધી હતી જેમાં જીલ્લા કોગ્રેંસના મંત્રી શ્રવણભાઈ દવેએ જણાવ્યું કે આ ભાજપવાળાઓ રાવણ જેવા છે જેમ રાવણે સાધુના વેશ ધારણ કરીને સીતાનું હરણ કર્યુ એમ આમ ભાજપ હિંદુત્વના નામે સત્તા મેળવી છે અત્યારે પ્રજા ભીસમાં છે અને ભાજપના નેતાઓ મસ્ત છે ત્યારે આ વખતે કોઈપણ પ્રકારના કોમવાદ કે લાલચમાં આવ્યા વગર કોગ્રેંસને વોટ આપી વિજય બનાવવા આહ્વાન કર્યું ત્યારબાદ ઠાકોર સમાજના માવજીભાઈ ઠાકોર પોતાની આગવી શૈલીમાં જણાવ્યું કે, ભાજપના રાજમાં આપણે દુઃખી છીએ આપણા સમાજને અન્યાય થઈ રહ્યો છે એટલે તમામ ઠાકોર સમાજ એક થઈ કોગ્રેંસને વિજયી' બનાવે ત્યારબાદ પટેલ સમાજના આગેવાન દેવાભાઈ પટેલ પણ કામવાદને જાકારો આપી કોગ્રેંસને વિજય બનાવવા અપીલ કરી હતી. રબારી સમાજના આગેવાન ઈશ્વરભાઈ રબારીએ પણ જણાવ્યું કે આ ભાજપના રાજમાં નાની કોમ અને નાના માણસનું કામ થતું નથી એટલે હવે કંટાળી ગયા છીએ અને કોગ્રેંસને વિજયી બનાવવા અપીલ કરી હતી. તેમજ તમામ લોકો એક સૂરે બોલી રહ્યા છે કે થરાદના ઉમેદવાર ડી.ડી રાજપુતના વ્યક્તિગત સ્વભાવ સરળ અને બધાને સથે લઈને ચાલનારા વ્યક્તિ છે આ સભામાં કોગ્રેંસના જયકારથી સમગ્ર વાતવરણ પંજામય બન્યું હતું. આ સભામાં પૂર્વ ધારાસભ્ય હેમાભાઈ રાજપુત, ગણતાના સરપંચ પનાભાઈ રબારી, દેવાભાઈ પટેલ, મફાજી, ઠાકોર, માવજીભાઈ ઠાકોર, બાબુલાલ મેમણ, મુકેશભાઈ સોની, મહેશભાઈ દવે, હિરાભાઈ વાઘેલા, બાદરસિંહ દરબાર, સુરેશભાઈ રબારી, મેરાજભાઈ રબારી, બાળકાભાઈ રબારી સહિત નાની-મોટી સમાજના તમામ આગેવાનો અને યુવાનો હાજર રહી કોગ્રેંસ આવે છે અને નવસર્જન લાવે છે તેવા જયઘોષ કર્યા હતા.

## ધાનેરામાં રાજપુત...

પાના નં.૮ ચાલુ

પ્રભારી ગણપતભાઈ રાજગોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મેરુજી ધૂંખ, બનાસ ડેરીના ડિરેક્ટર પી.જે. ચૌધરી, તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, મહામંત્રી જયંતિભાઈ બોચાતર, દિનેશભાઈ મેવાડા, મહેનદરભાઈ ત્રિવેદી, રમેશભાઈ ધાડિયા, પાંથાવાડા સરપંચ હંસાજી ગોવલાણી, કાળુસિંહ દેવલ, હરજીવનભાઈ ભૂતડીયા, ગણપતસિંહ દેવડા, ફોજાજી રાજપૂત સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનેરામાં રાજપુત...

પાના નં.૮ ચાલુ

ગુમાનસિંહજી ચૌહાણ, વાવ તાલુકા ભાજપ ઉપપ્રમુખ હીરસિંહજી ચૌહાણ (આછુવા), બ.કાં. જિલ્લા યુવા ભાજપ મહામંત્રી રામસેંગભાઈ રાજપુત (કેશર કૃપા), પ્રતાપ રાજપુત, ભરતસિંહ સોઢા, વાવ શહેર ભાજપ પ્રમુખ તેમજ યુવા મોરચાના કાર્યકર મિત્રોએ સરહદના લોકનાયકને શુભકામનાઓ પાઠવી હતી અને તુમ જીઓ હજારો સાલ સાલ કે દિન હો પચાસ હજાર કહી ભાજપ જીંદાબાદના નારા લગાવ્યા હતા.

આ બાબતે વાવ તા. ભાજપ ઉપપ્રમુખ હીરસિંહ ચૌહાણ (આછુવા) એ મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે જન્મ દિન પ્રસંગે મંત્રીને તમામ ૩૬ કોમના અગ્રણીઓએ કેશરીયો ખેસ પહેરાવી શુભકામનાઓ પાઠવી છે. ત્યારે વાવ બેઠક ભાજપનું કમળ સૌથી વધુ બહુમતીથી જીતશે તે નક્કી છે. જે પ્રસંગે ભાજપ અગ્રણીઓ, કાર્યકરો, સ્નેહીજનો, મદારો, ગ્રામજનો, પત્રકાર મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મંત્રીને જન્મદિનની શુભકામનાઓ પાઠવી વિજય ભવઃ ના આશીર્વાદ પાઠવ્યા હતા.

## કાંકરેજના ઉંબરી ...

પાના નં.૮ ચાલુ

બન્યા છે. જેનો તમામ સમાજને લાભ મળ્યો છે. ભાજપે દરબાર સમાજને પણ ઘણું બધું આપ્યું છે. ત્યારે હવે તેનું ઋણ ચુકવવાનો ચૂંટણીમાં અવસર સાંપડ્યો છે. તેથી આપણે બધા પુરી તાકાત લગાવી કમળને જીતાડીએ તો જ પક્ષની કદર કરી કહેવાય. તેમની વાતને જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પૂર વખતે કિર્તિસિંહ વાઘેલા પૂર પીડીતોની પડખે રહ્યા હતા. જેથી તેમને ગામેગામ સમર્થન મળી રહ્યું છે.

આ ચૂંટણી પ્રવાસમાં તેમની સાથે માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, હરગોવનભાઈ શીરવાડીયા, ડાયાભાઈ પીલીયાતર, રસીકજી ઠાકોર (સાવિયાણા) સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

## વડગામ વિધાનસભા...

પાના નં.૮ ચાલુ

સકસેનાએ જણાવ્યં હતું. ચૂંટણી પછી ધારાસભ્ય તરીકે દર ગુરૂવારે વિજયભાઈ ચક્રવર્તીએ મત વિસ્તારમાં પ્રજાના પ્રશ્નોને વાચા આપવા હાજર રહેશે. તેવું લોકસંપર્ક કાર્યક્રમમાં જણાવ્યું હતું.

વડગામ વિસ્તારમાં કુદરતી કરમાવાદ સરોવરનો વિકાસ કરી નર્મદાના નીર માટે પ્રયત્ન કરવા ઉમેદવારે તૈયારી બતાવી છે. તથા મુક્તેશ્વર જળાશય બળાસર તળાવ, વરસડા- એદ્રાણા મગરવાડા- વડગામના મોટા તળાવોમાં નર્મદાના નીર છલકાવી દેવા પ્રયત્ન કરવા ઉમેદવાર સતત જાગતા રહેશે. તેવું જણાવ્યું હતું અને ઉમરદશી નદીને સજીવન કરી વડગામ વિધાનસભાના ૧૪૬ ગામોમાં સોટકા સિંચાઈના કામો કરવા ઉમેદવાર વિજયભાઈ ચક્રવર્તી જહેમત ઉઠાવશે. ખેડુતલક્ષી કામો સો ટકા પૂર્ણ થશે તેવું મહામંત્રી દશરથજી એમ. ઠાકોર નરાસળે જણાવ્યું હતું.

## દિઓદર મત વિસ્તારમાં ...

પાના નં.૮ ચાલુ

દેલવાડા, સણાદર, સાલપુરા, રૈયા, મુલકપુર, સુરાણા, નવા, વખા, ગોદા, જેવા ગામોનો લોક સંપર્ક કર્યો હતો. જ્યાં ગ્રામજનોએ તેમને આવકારી સમર્થન વ્યક્ત કર્યુ હતું. લોક સંપર્ક દરમિયાન ભાજપના આગેવાનોએ ગ્રામજનોને જણાવ્યું હતું કે ભાજપ સૌને સાથે લઈને ચાલનારો પક્ષ છે. જે વાદ વિવાદ નહીં પણ વિકાસમાં માને છે. તેથી પંથકના સર્વાંગી વિકાસને નજરમાં રાખી ભાજપ ઉમેદવાર કેશાજી ચૌહાણને જીતાડવાની હાકલ કરી હતી. કેશાજી ચૌહાણે પણ ગામ લોકોના પ્રશ્નોમાં ખડેપગે રહેવાની ખાત્રી ઉચ્ચારી હતી. જેમને ગ્રામજનોએ વધાવી લીધા હતા.

## હોમીયોપેથીક

અનુસંધાન ૫ નુ ચાલુ...

તેને મુખમાંથી રોગ બહાર કાઢી સંપુર્ણ મટાડે છે.

૧૦. હોમિયોપેથી કે ચિકિત્સામાં માનસિક લક્ષણોને પહેલાં મહત્તા આપવામાં આવે છે પછી બીજા લક્ષણો ઉપર ધ્યાન આપવામાં આવે છે.

દરેક જીજ્ઞાસુ મિત્રોનું આરોગ્ય સારૂં રહે, શરીર સ્વસ્થ રહે તેવી અભ્યર્થના સાથે આપ સૌથી આજે વિદાય લઈ રહ્યા છીએ..આભાર...

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. વિશેષ નોંધ : અમારા દવાખાનાનું કાયમી શીરનામું ઉપર મુજબ છે. અમારો મો.નં.૯૮૨૪૪૭૧૨૧છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**

**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## સાઈકોથેરાપીસ્ટ

અનુસંધાન ૫ નુ ચાલુ..

બન્ને કૅપ્ટનનાં પૉશ્ચર જોઈને સમજી શકાય છે કે કયો કૅપ્ટન ટૉસ જીતી ગયો અને કોણ હારી ગયો. જે કૅપ્ટન ટૉસ હારી જાય કે તરત જ દેખાઈ શકે છે કે તેના ખભા ઝૂકી ગયા છે. આમ જે વ્યક્તિ સતત સ્ટ્રેસમાં રહેતી હોય તેના સર્વાઈકલ એટલે કે ગળું, પીઠ અને ખભાના સ્નાયુઓ પર લોડ આવવાનો જ છે અને એ લોડ સતત રહે ત્યારે એ પ્રૉબ્લેમ કરવાનો જ છે. આજકાલ સ્ટ્રેસનું પ્રમાણ પહેલાં કરતાં ઘણું વધી ગયું છે એ પણ એક મહત્વનું કારણ છે કે નાની ઉંમરે લોકોને સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ થાય છે.

★ ટ્રાવેલિંગ પહેલાંના લોકો કરતાં આજે લોકો વધુ ટ્રાવેલિંગ કરે છે. જરૂરી નથી કે દરેક વ્યક્તિનું ટ્રાન્સપોર્ટ ખૂબ સારી ક્વૉલિટીનું હોય. વળી રોડની કન્ડિશન હંમેશાં સારી જ મળે એ તો શક્ય જ નથી હોતું.ટ્રાવેલિંગમાં ખાસ કરીને ટૂ-વ્હીલર કે રિક્ષામાં ટ્રાવેલ કરતા લોકોને રસ્તામાં ઘણા જર્ક લાગે છે અને આ જર્ક સીધા તેમના ગળાને અસર કરે છે. આ પ્રકારનું ટ્રાવેલિંગ જે સતત વધુ કલાકો માટે કરતા હોય તેમને આ રોગ થવાની પૂરી શક્યતા છે. આ સિવાય બસમાં પણ જે લોકો ઊભા-ઊભા ટ્રાવેલ કરતા હોય છે તેમને પણ ખૂબ જર્ક લાગે છે, કારણ કે વારંવાર બ્રેક લાગે ત્યારે બૅલેન્સ રાખવું અઘરું પડી જાય છે. ★ સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ એટલે શું? આપણી કરોડરજ્જુમાં ૩૧ મણકા હોય છે અને એ મણકાઓ વચ્ચે ૨૩ જેટલી ગાદી છે. હવે જ્યારે ગરદનની અંદર રહેલા મણકા-ગાદી ઉપર કોઈ પણ જાતની અસર થાય ત્યારે એને સર્વાઈકલ પ્રૉબ્લેમ કહે છે. જ્યારે આ મણકા ઘસાવા લાગે ત્યારે એને સર્વાઈકલ સ્પૉન્ડિલોસિસ કહે છે જે મોટા ભાગે ઉંમરને કારણે થાય છે, પરંતુ આજકાલ યુવાનોમાં પણ જોવા મળી રહ્યું છે. ખબર કેમ પડે? : આ રોગની તીવ્રતા જેવી હોય એ પ્રમાણે ચિહ્નો હોઈ શકે છે. સામાન્ય રીતે ડોક જકડાઈ જાય, પીઠમાં દુઃખાવો હોય, ઉપરનો ભાગ એટલો સ્ટિફ થઈ જાય કે ચારે દિશામાં એની મૂવમેન્ટ શક્ય ન બને. જ્યારે આ પ્રૉબ્લેમ વધી જાય ત્યારે એ અંદરની કોઈ નસોને દબાવે છે, જેને લીધે હાથ કે પગ પર અસર થઈ શકે છે. જો એ કોઈ એવી નસને દબાવે તો હાથ લકવાગ્રસ્ત પણ થઈ શકે છે.આ પરિસ્થિતિ એક ઈમર્જન્સી છે જેમાં તરત જ હૉસ્પિટલ ભાગવું પડે છે અને ઑપરેશન થઈ શકે છે. ★ શું કરવું? : જો આ પ્રૉબ્લેમ યુવાન વયે ચાલુ થયો હોય તો વ્યક્તિએ એને ગંભીરતાથી લેવો જરૂરી છે. જો તેનાં હાડકાં ૩૦-૩૫ વર્ષની ઉંમરથી ઘસવા લાગે તો ૬૦-૭૦ વર્ષે તેની હાલત શું થઈ શકે એની કલ્પના મુશ્કેલ છે. મહત્વનું છે કે આવી વ્યક્તિઓ કયા કારણસર તેમને આ તકલીફ થઈ છે એ સમજે અને એને દૂર કરવાનો પ્રયત્ન કરે. સાથે-સાથે ફિઝિયોથેરપી ખૂબ જ મહત્વનો ભાગ છે. આ રોગમાં વ્યક્તિના સ્નાયુઓને સશક્ત કરવાનું કામ એક્સરસાઈઝ કરે છે, જેને કારણે હાડકાં ઘસાવાની ગતિને મંદ પાડી શકાય.

## માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

તેને ટેલી પોર્ટેશનના નામથી ઓળખવામાં આવે છે પરંતુ આ અદલ પ્રતિકૃતિ હોવા છતાં તેમાં જીવ પુરી નથી શકાતો અને તે જ એક વસ્તુ છે જે વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેનો ખરેખરો ભેદ છે.

આમ મૃત્યુ બાદ ભુત જ મન બીજા ગર્ભ સ્વરૂપે રહેલાં શરીરમાં પ્રસ્થાપીત થઈ જાય છે અને ફરીથી માનવ શરીર ધારણ કરે છે.

આથી અહીં ભકત પ્રભુને એવી પ્રાર્થના કરે છે અને કહે છે : પ્રભુ ! મારી ઈચ્છાઓ તારામાં વિલીન કરી દીધી છે. મારૂં ચીત્ત સદા તારા ચરણોનું ધ્યાન ધરતું રહે છે અને હવે ઈચ્છાઓના સમુહ એવું ચિત્ત કાં તો પ્રભુના ચિત્તમાં વિલીન થઈ ગયું છે અથવા તે સંપૂર્ણ પણે ઈશ્વર-ધ્યાનમાં રોકાયેલું છે. પછી ભકત કહે છે : 'ભગવાન (પરમ આત્મ સ્વરૂપ, અંતર આત્મા-પરમ આનંદમયતા) તું જ આકાશરૂપી પવન, માતા પિતા સ્વામી સર્વ કંઈ તે અંતઃ આત્મા જ છે અને 'તેનામય ' થવું એટલે જ સમજ સાથે એકત્વ સાધવું. શબ્દ તેનો અર્થ બધું જ તું છે. આ જગત પણ તારી અંદર સ્થિત છે અને તારી અંદર લીન થઈ જાય છે. તારી અંદર સર્વ જીવો જન્મે છે અને મરે છે.

વિશ્વમાં ! અંતઃતત્વ જ છે જે સર્વત્ર છે. જે દરેક જડ ચેતનમાં વ્યાપ્ત છે. અરે ! દરેક જડ જીવ તેનાં જ અલગ અલગ રૂપો છે અને તેમાં લીન થઈ જવાથી તેમાં ઓગળી જાય છે અને ત્યારે પરમતત્વની પરમ આનંદ મયતામાં કોઈ ઈચ્છા વિચાર રહેતા નથી. તો પછી ફરી શરીર સ્વરૂપ બની આ જગતમાં કઈ ઈચ્છાની પૂર્તિ માટે જન્મવું ?

**ડૉ. પ્રવિણ પટેલ**

## આરોગ્ય

અનુસંધાન ૫ નુ ચાલુ...

સૂકા અંજીર પલાળી રાખો. સવાર થતાં જ ખાલી પેટ તે ખાઈ જાઓ. આમ કરવાથી પણ કફ દૂર થશે અને ઈન્ફેક્શનમાં રાહત મળશે.

૪. કારેલા, જે અસ્થમા માટે અસરકારક ઈલાજ છે. તેની એક ચમચી પેસ્ટને લઈને મધ અને તુલસીના પાંદડાના રસ સાથે મિક્સ કરી ખાઓ. આનાથી શરીરની અંદરની એલર્જીમાં બહુ રાહત મળે છે.

૫. અંદરની એલર્જીને દૂર કરવા માટે મેથી પણ બહુ અસરકારક છે. એક ગ્લાસ પાણી સાથે મેથીના કેટલાક દાણાને ત્યાંસુધી ઉકાળો જ્યાંસુધી પાણી એક તૃતિયાંશ ન થઈ જાય. હવે આ પાણીમાં મધ અને આદુનો રસ મિક્સ કરો. આ રસને દિવસમાં એકવાર પીવાથી અચૂક રાહત મળશે.

## હુંફાળા પાણી

અનુસંધાન ૫ નુ ચાલુ..

ત્વચા હંમેશા ફીટ રહે છે અને આપ હંમેશા યુવા જ નજરે આવશો. મધનો આમ જ ઉપયોગ કરવાનાં સ્થાને આપ ગરમ પાણી સાથે તેનો ઉપયોગ કરો કે જેથી આપ વધુમાં વધુ તેનો લાભ લઈ શકશો. અમે આપને આ આર્ટિકલમાં દરરોજ સવાર-સવારમાં મધને ગરમ પાણી સાથે પીવાથી થતાં ફાયદાઓ વિશે જણાવી રહ્યાં છીએ. આવો જાણીએ... વજન ઘટવું મધયુક્ત પાણી પીવાથી આપનું વજન ઘટે છે. કારણ કે ૧૦૦ ગ્રામ મધમાં ૩૫૦ કેલોરી હોય છે કે જેનાથી આપને લાંબા સમય સુધી ભૂખનો અહેસાસ નથી થતો અને આપની ચરબી ઓછી થાય છે. પાચન બરાબર રહે છે મધ આપણા પાચન તંત્ર માટે ખૂબ જ સારૂ છે. તેમાં એન્ટી-સેપ્ટિક અને એન્ટી-બેક્ટેરિયલ ગુણો હોય છે કે જેનાથી આપણને પેટ સંબંધી સમસ્યાઓ થતી નથી. પ્રતિરોધક ક્ષમતા વધવી મધમાં ઢગલાબંધ એન્ઝાઈમ્સ, વિટામિન્સ અને મિનરલ્સ હોય છે. આ હાનિકારક બેક્ટેરિયા સામે આપણી બોડી સિસ્ટમને બચાવે છે અને રોગો સામે લડવાની ક્ષમતા વધારે છે. એક સારૂ એન્ટી-ઓક્સિડેન્ટ હોવાના કારણે આ આપણી ત્વચાને કાયમ તરોતાજા રાખે છે કે જેનાથી તેમાં નિખાર આવે છે. એલર્જીથી બચાવ મધ અને ગરમ પાણીનો ઉપયોગ કરવાથી આપણાં શરીરનાં કોઈ પણ ભાગમાં જીવાણુ એકત્ર નથી થઈ શકતાં કે જેથી આપને એલર્જી સંબંધી પરેશાની નથી થતી. તરત એનર્જી મળવી દરરોજ મધ અને ગરમ પાણીનું સેવન કરવાથી આપને સ્ફૂર્તિ મળે છે કે જેથી આપ દિવસભર પોતાની જાતને તરોતાજા અને ફિટ અનુભવો છો. કફમાં આરામ મળવો ગરમ પાણી અને મધથી આપને કફ તથા ગળામાં થતી બળતરાથી આરામ મળે છે. જો આપ દરરોજ તેનો ઉપયોગ કરો છો તો ધીમે-ધીમે આ સમસ્યા ઓછી થતી જશે.

## મન બીલોરી કાચ

અનુસંધાન ૫ નુ ચાલુ..

પણ આ કેન્સર થવાની શક્યતા રહે છે. રેટિનોબ્લાસ્ટોમાના કુલ કેસમાં ૩૦ ટકા બાળકોનો રોગ વારસાગત હોય છે. બાકીના ૭૦ ટકા બાળકોના પરિવારમાં કોઈને આ રોગ ન હોવા છતાં તેમને આ રોગ આવે છે જે બન્ને આંખને અસર કરતો નથી. આ રોગ માટાભાગે એક જ આંખમાં થવાની શક્યતા રહે છે. સમયસર નિદાન મોટાભાગે ૬૫ ટકા કેસમાં બાળકની બે વર્ષની ઉંમર પહેલા જ રેટિનોબ્લાસ્ટોમાનું નિદાન થઈ જાય છે. કુલ મળીને બધા કેસના ૯૫ ટકા કેસનું નિદાન પાંચ વર્ષની ઉંમર પહેલા જ થઈ જાય છે. રેટિનોબ્લાસ્ટોમાં એક ઘાતક કેન્સર છે, પરંતુ એનો ઈલાજ શક્ય છે અને એનાથી સંપૂર્ણ છૂટકારો પણ મેળવી શકાય છે, પરંતુ આપણે ત્યાં આશરે ૫૦ ટકા જ કેસમાં બાળકો બચે છે. નિદાન સમયસર ન થવાથી, રોગ પકડમાં ન આવવાથી, વધુ પડતાં કેસમાં ગાંઠ આંખની બહાર સુધી ફેલાવાથી આ રોગનો ઈલાજ મુશ્કેલ બને છે. અક્સીર ઈલાજ માટે રોગને જેટલો જલદી પકડી શકાય એટલું વધુ સારૂં પડે છે.

ઈલાજ આંખનું ચેક-અપ અને ઈમેજિંગ ટેસ્ટ દ્વારા જાણી શકાય છે કે બાળકને રેટિનોબ્લાસ્ટોમા છે કે નહીં. એ સિવાય સીટી સ્કેન, એમઆરઆઈ, બોન સ્કેન અલ્ટ્રાસાઉન્ડ પણ કરાવવાની જરૂર પડી શકે છે. ફક્ત એ જોવા માટે કે બાળકની આંખનું ટ્યુમર ક્યાં સુધી ફેલાયેલું છે. નિદાન જેટલું વહેલું થાય અને ઈલાજ જેટલો વહેલો શરૂ કરી શકાય એટલું વધુ યોગ્ય છે. યોગ્ય ઈલાજ દ્વારા લગભગ ૧૦માંથી ૯ બાળકો સંપૂર્ણ રીતે ઠીક થઈ શકે છે. ઈલાજ બાદ મોટા ભાગના બાળકો બન્ને આંખે જોઈ શકે છે. પરંતુ ઘણા બાળકોની એક આંખ કાઢી નાખવી પડે છે. એની જગ્યાએ નકલી આંખ લગાડી શકાય છે. મહત્વની વાત એ છે કે જેમને વંશાનુગત આ રોગ લાગુ પડ્યો હોય તેમને ભવિષ્યમાં બીજા કોઈ અંગમાં કેન્સર થવાનું રિસ્ક રહે છે, જે માટે એ બાળકનું રેગ્યુલર ચેક-અપ કરાવતા રહેવું જોઈએ. લક્ષણો અંધારામાં જેમ બિલાડીની આંખો ચમકે એમ આ બાળકોની આંખો ઝળહળતા પ્રકાશમાં ચમકે છે. એકદમ ચમકતા પ્રકાશમાં આંખમાં વાદળ જેવા ધૂંધળા સફેદ રંગનો અથવા તો ચાંદી જેવો સફેદ કે પીળો ડોળો દેખાય તો એ પ્રાથમિક લક્ષણ છે. રેટિનોબ્લાસ્ટોમા જે લગભગ ૬૦ ટકા દરદીઓમાં જોવા મળે છે. આ એક એવું લક્ષણ છે જે એકદમ અલગ તરી આવે છે. ● ફાંગી આંખ કે અસ્થિર ડોળો. ● બન્ને આંખમાં જુદા-જુદા રંગનો ડોળો કે કીકી. ● ડોળાનો આકાર મોટો થઈ જવો અથવા લાલ થઈ જવો. ● આંખમાં દુખવું.

## માનસ

અનુસંધાન ૫ નુ ચાલુ..

રાજકુમાર આ સાંભળી ગદ્ગદ થઈ ગયો અને તે ગુરૂની સજગતા ઉપર વારી ગયો. તે તેમના પગમાં પડી ગયો અને કહેવા લાગ્યો 'ગુરૂજી ! માફ કરજો. મારા મનમાં આ પરીક્ષાકરવાનો વિચાર આવ્યો તેના માટે.. આપ તો સદાય સજગ છો.. હર સમય હર ક્ષણ..

ગુરૂજીએ રાજકુમારને સમજાવતાં કહ્યું, 'બેટા ! જીવનમાં શીખવા જેવો માત્ર આ એક જ ધર્મ છે. બીજો કોઈ ધર્મ નથી. જીવનમાં હંમેશા સજાગ રહો, કંઈ પણ કરતાં કંઈપણ અનુભવતાં પહેલાં આ રીતેસજગ રહેશો તો બધાં જ કામ ખુબ સારી રીતેથશે. એક પણ કાર્ય બગડશે નહીં તે ઉપરાંત સજગતામાં થયેલા શ્રેષ્ઠ અનુભવ જ મનની અંદર સંગ્રહીત થાય છે.મનમાં કચરો ભરાતો અટકે છે આ જ એક ધર્મ છે જે શીખવા લાયક છે.

સજગતા અત્યંત જરૂરી છે, આવી જ સજગતાથી તમારા મનને નિહાળી સતત તેનું નિરીક્ષણ કરો,મનની અંદરના બધા જ વિચારો શમી જશે, કેમ કે કોઈ વિચારની કોઈ જરૂર નથી. તે બધા જ ભ્રામક માત્ર છે. એકમાત્ર શુદ્ધ અનુભવ બાકી બચી જશે મનની બહાર યા મનની સર્વ ઘટનાઓના સાક્ષી બની રહો અને સજગ બની જે લેવા જેવું કે જે કરવા જેવું છે તે જ લો અથવા કરો.બીજું બધું નકામું છે તેની પાછળ જીવનનો અમૂલ્ય સમય ન બગાડો.



વારાહીમા ઈદે મીલાદની ઉજવણી કરવામા આવી જેમા મહેબૂબખાન રાણા અમીરખાન મલેક યૂનુસશા ઈમામસા ફકીર ઈશવરભાઈ પરમાર કોગ્રેસ અગણી ચેતનદાન ગઢવી સહીત હિનદુ મુસલીમો હાજર રહયા.

## પાટણ હાઈવે પર વાહનની ટક્કરે રાનેરના યુવાનનું મોત

પાટણ

પાટણશહેરના હાઈવે પર કલ્પવૃક્ષ સોસાયટીમાં ભાજપના પૂર્વ પ્રમુખ મંગાજી ઠાકોરના ઘરે ભાડે રહી મજુરી કરતા ધારસંગજી સુખાજી ઠાકોર રહે.રાનેર તાં.કાંકરેજ મોડી સાંજે અજાણ્યા વાહનની ટક્કરથી મોત થયું હતું.હાઈવે પર બની રહેલા એસટી વર્કશોપ પાસે ઉભેલા ટર્બો પાછળ તેઓ ટક્કર લાગવાથી મૃત્યુ પામ્યા હોવાનું મનાય છે. ઘટનાની જાણ તેમના પરિવારને કોઈએ કરતા તેમના ભાઈ પ્રભાતજી સ્થળ પર દોડી આવ્યા હતા. શહેરના અગ્રણી અશ્વિન પટેલ વગેરેએ ૧૦૮ બોલાવી સિવિલમાં ખાતે મોકલી આપ્યો હતો.તેમને ૩ દીકરા અનેર દીકરી અને પત્ની સહિતના પરિવાર છત્ર ગુમાવ્યું છે. પાટણના ગીતાજલી છાપરા પાસે બની રહી એસટી વર્કશોપ ના ખુલ્લા મેદાનમાં એક ઈસમ પર ટ્રક ફરી વળતા મોત થયું હતું. જયાં લોકોના ઉમટયા હતા.

## ઈડરના લાલોડા ગામે ચંદનચોરો ત્રાટક્યા

ઈડર

ઈડર તાલુકાના લાલોડા ગામમાં રહેતા ખેમાભાઈ પટેલ ગામની સીમમાં ડુંગરને અડીને સર્વે નંબર-૬૪માં ખેતર ધરાવે છે અને તેમણે ખેતરમાં ચંદનની ખેતી કરી છે તથા ૭૦૦ જેટલા ચંદનના ઝાડ ઉછેર્યા છે. જેમાં કેટલાક ૧૫ ફૂટ જેટલી ઉંચાઈ ધરાવતા હતા. ગતી સોમવારે રાત્રી દરમિયાન તેમના ખેતરમાં ચંદન ચોર ત્રાટકયા હતા અને ૨૫ થી ૩૦ ચંદનના વૃક્ષ કાપ્યા હતા. તે પૈકી સુંગધીદાર ૧૧ ઝાડના થડ અલગ તારવીને દોઢ ફૂટનો ઘેરાવો ધરાવતા ૫ ફૂટના કટકા કરી લઈ ગયા હતા. ખેતરમાં વાહન લઈને જઈ શકાય તેમ નથી તથા અડીને આવેલા ડુંગરનો પરત જવામાં ઉપયોગ કર્યો હોય તેવું જણાઈ રહ્યુ હોવા અંગે ખેમાભાઈએ જણાવતા તેમણે ઉમેર્યું કે, ખેતરની ઓરડી ઉપર રહેતા ભાગીયા બે દિવસથી ઘેર ગયા હોવાથી ખેતરમાં કોઈ ન હતું તથા ચંદનના વૃક્ષ બેટરીથી ચાલતા કટરથી કાપ્યા હોય તેવુ જણાઈ છે. ખેમાભાઈ પટેલે ઈડર પોલીસ સ્ટેશનમાં ચંદન ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

વૃક્ષોને કટ મારી સુગંધની ચકાસણા કરી

તસ્કરો ચંદનના વૃક્ષોને કટ મારીને સુગંધ આવે છે કે, નહીં તેની પહેલા ચકાસણી કરી હતી.અને જે વૃક્ષોમાંથી સુગંદ આવતી હતી.તેને કાપી ૫ ફૂટના કટકા કરી ગઈ ગયા હતા.

<u>રાજસ્થાનમાં કોંગ્રેસે ગુર્જરોને કેમ અનામત ન અપાવ્યું?</u>

## ગુજરાતમાં કોંગ્રેસ પાટીદારોને કઈ રીતે અનામત અપાવશે : પરેશ રાવલ

અમદાવાદ

ભાજપના સાંસદ પરેશ રાવલે કોંગ્રેસ પર સવાલ ઉઠાવ્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસ પાટીદારોને કઈ રીતે અનામત અપાવશે. રાજસ્થાનમાં કોંગ્રેસે ગુર્જરોને અનામત અપાવ્યુ ન હતુ. ૨૦૦૯ અને ૨૦૧૩ સુધી કેન્દ્ર અને રાજસ્થાન સરકારમાં કોંગ્રેસની સરકાર હતી. સાંસદ પરેશ રાવલે કહ્યું કે, ગુજરાતમાં કોંગ્રેસ પાટીદારોને કઈ રીતે અનામત અપાવશે. કોંગ્રેસે રાજસ્થાનમાં ગુર્જરોને અનામત આપ્યું ન હતું. જ્યારે ૨૦૦૯થી ૨૦૧૩ સુધી રાજસ્થાનમાં અને કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હોવા છતાં તેમણે ગુર્જરોને અનામત આપ્યું ન હતું. તો ગુજરાતમાં કોંગ્રેસ પાટીદારોને કઈ રીતે અનામત અપાવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પાટીદારોની ભાજપ પ્રત્યેની નારાજગી અને કોંગ્રેસ તરફી વલણને લઈ પરેશ રાવલે નિવેદન આપ્યું હતું. અનામતને લઈ પરેશ રાવલે નિવેદન આપ્યું હતું. કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

## સુરેન્દ્રનગરમાં ચૂંટણી પૂર્વે ગેરકાયદે હથિયારનો મોટો જથ્થો ઝડપાતા ચકચાર

સુરેન્દ્રનગર

વિધાનસભાની ચૂંટણીઓની ઘડીઓ ગણાય રહી છે ત્યારે સુરેન્દ્રનગરમાંથી પોલીસે બાતમીને આધારે હથિયારોનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે ૧૫ જેટલા હથિયારો સાથે ૯ શખ્સોને ૬.૩૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં અસામાજિક તત્વો કોઈ ઘટનાને અંજામ આપે તે પહેલા જ પોલીસને મોટી સફળતા મળી છે. સુરેન્દ્રનગર પોલીસે બાતમીને આધારે સમગ્ર પંથકમાં ચાલતા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. હજુપણ વધુ હથિયારો પકડાવાની શક્યતા પોલીસ વ્યક્ત કરી રહી છે. જતવાડાના બજાણામાં આ હથિયાર લાવીને સ્થાનિકોને વેચવાનું નેટવર્ક ઘણા સમયથી ચાલતું હોવાની બાતમી પોલીસેને મળતા પોલીસે ૯ શખ્સોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રિવોલ્વર, પિસ્ટલ, દેશી કટ્ટા જેવા ૧૫ ઘાતક હથિયારો મિળી આવ્યા છે. આરોપીઓએ કોને કોને હથિયારો વહેંચ્યા હતા તેની પોલીસ તપાસ કરી રહી છે.

## ચેકપોસ્ટ પરથી રૂ. ૫.૩૪ લાખની રકમ સાથે અમદાવાદનો યુવાન ઝડપાયો

બાયડ

આગામી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન બે નંબરના નાણાંની હેરફેર અટકાવવાના હેતુસર રાજયભરની પોલીસે જુદા જુદા વિસ્તારોમાં ચેકપોસ્ટ ઊભી કરી સઘન વાહનચેકિંગ શરૂ કર્યું છે. બાયડ નજીક ચેકપોસ્ટ પર વાહનચેકિંગ દરમ્યાન રૂ.૫.૩૪ લાખની રોકડ રકમ સાથે પોલીસે અમદાવાદના મણીનગર વિસ્તારમાં રહેતા એક શખસને ઝડપી લીધો હતો.અરવલ્લી અને ખેડા જિલ્લાના સરહદી ગામડાંઓમાં પ્રવેશતા મુખ્ય રસ્તા પર ચેકપોસ્ટો ઊભી કરાઈ છે..

## સાતલપુર તાલુકાના ચારણકા સોલાર પાર્કના શ્રમયોગીઓ માટે વીવીપેટ નિદર્શન યોજાયું



પાટણ

પાટણ જિલ્લામાં તારીખ ૧૪ડિસેમ્બરે ચાર વિધાનસભા મતદાર વિભાગ માટે યોજાનાર મતદાન પૂર્વે મતદાતાઓ વધુમાં વધુ મતદાન કરે અને મતદાતાઓમાં ઈવીએમ-વીવીપેટ મશીનઉપકરણોની કાર્યપદ્ધતિથી સમજણ કેળવાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલના માર્ગદર્શન તળે સ્વીપઅંતર્ગત મતદાતા જાગૃતિના કાર્યક્રમોનું આયોજન નોડલ ઓફિસરશ્રી સંજય વ્યાસના સંકલન તળે યોજાઈ રહ્યું છે.

જિલ્લા વ્યાપી ઝુંબેશના ભાગરૂપે આજે સાંતલપુર તાલુકાના ચારણકા સોલાર પાર્કમાં કામ કરતાં ૭૦૦ જેટલા મતદાતાઓ માટે ઈવીએમ-વીવીપેટ, પત્રિકા વિતરણ, સંવાદ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સરકારી શ્રમ અધિકારીશ્રી બી.એસ.ઢુસા, સહાયકમાહિતી નિયામક ભરતભાઈ રાવલ, દિનેશભાઈ પ્રજાપતિ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તુલસીભાઈ સાધુએ શ્રમિકોને મહત્તમ મતદાન અને વીવીપેટ ઉપકરણની કાર્યપદ્ધતિથી અવગત કર્યા હતા.

કાર્યક્રમનો સંકલન શ્રમ ખાતાના ભીખાભાઈ દેસાઈ, નારાયણભાઈ આહીરે કર્યું હતું. આઈ.ટી.આઈ. સાંતલપુરના ઈન્સ્ટ્રકટરઆર.કે પ્રજાપતિ અને કે.બી.ચૌધરીએ વીવીપેટની સમજ અને નિર્દેશન કર્યું હતું. શ્રમિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રાધનપુર તાલુકાના દેવમાં હિમજા માતાજીને પૂનમનો શૃંગાર



રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે આવેલા ઐતિહાસિક હિમજા માતાજીના મંદિરમાં રવિવારે માગસર સુદ પૂનમ હોવાથી હિમજા માતાજીને વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો,અને આ પ્રસંગે આજુ-બાજુના ગામો ઉપરાંત ગામના ભાવિકોએ માતાજીના દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

૧૯૬૨ બાદ થર્ડ હાઈએસ્ટ ઉમેદવારો મેદાનમાં

# ગુજરાત ચૂંટણીમાં ૧૮૨૮ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા

### ૧૯૯૫માં ૨૫૪૫ અને ૧૯૯૦માં ૧૮૮૯ ઉમેદાવોર મેદાનમાં હતા

ચૂંટણી કાઉન્ટ ડાઉન •૨૦૧૭•

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ ચૂંટણીને લઈને રાજકીય પક્ષોની સાથે સાથે મતદારો પણ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. વર્ષ ૧૯૬૨ની ચૂંટણી બાદ ચૂંટણી મેદાનમાં આ વખતે થર્ડ હાઈએસ્ટ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ જે સીટ પરથી ચૂંટણી મેદાનમાં છે તે મહેસાણામાં સૌથી વધારે ૩૪ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૧૮૨૮ ઉમેદવારો મેદાનમાં છે. પ્રથમ તબક્કામાં ૯૭૭ અને બીજા તબક્કામાં ૮૫૧ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ પ્રથમ તબક્કામાં ૮૯ અને કોંગ્રેસ પાર્ટીએ પ્રથમ તબક્કામાં ૮૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. અન્ય રાજકીય પક્ષોએ પણ પોત પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારી દીધા છે. પાંચ બેઠક મહેસાણા, જામનગર ગ્રામ્ય, બોટાદ, જામનગર ઉત્તર અને વિરગમગામમાં ૨૨ અને ૩૪ની વચ્ચે ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. મહેસાણમાં સૌથી વધારે ઉમેદવારો મેદાનમાં છે. આવી જ રીતે સૌરભ પટેલ જયાંથી મેદાનમાં છે તે બોટાદમાં ૨૫ ઉમેદવારો મેદાનમાં છે. રાઘવજી પટેલ જયાંથી મેદાનમાં છે તે મતવિસ્તારમાં પણ મોટી સંખ્યામાં ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. આંકડા પર ધ્યાન આપવામાં આવે તો વર્ષ ૧૯૯૫માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઈતિહાસમાં સૌથી વધારે ૨૫૪૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. વર્ષ ૨૦૧૨માં ૧૬૬૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૦૭માં ૧૧૮૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. જે સીટ પર સૌથી ઓછા ઉમેદવારો મેદાનમાં છે તેમાં ભીલોડા (એસટી) બેઠકમાં માત્ર બે ઉમેદવારો રહ્યા છે. આવી જ રીતે આણંદમાં ત્રણ, મોરવા હડફમાં ત્રણ, ઝગડિયા (એસટી) બેઠક પર ત્રણ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. વધારે ઉમેદવારોની વાત કરવામાં આવે તો વિરગમગામમાં ૨૨ ઉમેદવારો મેદાનમાં છે. આવી જ રીતે જામનગર ઉત્તરમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તમામ બેઠક પર મુખ્ય સ્પર્ધા જોવના મળી રહી છે. વખતે પ્રથમ તબક્કામાં ૪૪૧ અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં છે.

### વર્ષ ૧૯૯૫માં સૌથી વધુ ઉમેદવારો

ચૂંટણીમાં ઉમેદવારો.....

| | |
|---|---|
| ૧૯૬૨માં કુલ ઉમેદવારો | ૫૦૦ |
| ૧૯૬૭માં કુલ મતદારો | ૫૯૯ |
| ૧૯૭૨માં કુલ ઉમેદવારો | ૮૫૨ |
| ૧૯૭૫માં કુલ ઉમેદવારો | ૮૩૪ |
| ૧૯૮૦માં કુલ ઉમેદવારો | ૯૭૪ |
| ૧૯૮૫માં કુલ ઉમેદવારો | ૧૧૩૭ |
| ૧૯૯૦માં કુલ ઉમેદવારો | ૧૮૮૯ |
| ૧૯૯૫માં કુલ ઉમેદવારો | ૨૫૪૫ |
| ૧૯૯૮માં કુલ ઉમેદવારો | ૧૧૨૫ |
| ૨૦૦૨માં કુલ ઉમેદવારો | ૯૬૩ |
| ૨૦૦૭માં કુલ ઉમેદવારો | ૧૧૮૦ |
| ૨૦૧૨માં કુલ ઉમેદવારો | ૧૬૬૬ |
| ૨૦૧૭માં કુલ ઉમેદવારો | ૧૮૨૮ |

### ઉમેદવારોનુ ચિત્ર....

| પાર્ટી | પ્રથમ ચરણ | બીજા ચરણ |
|---|---|---|
| અપક્ષ | ૪૪૧ | ૭૯૧ |
| ભાજપ | ૮૯ | ૧૮૨ |
| કોંગ્રેસ | ૮૭ | ૧૭૮ |
| બસપ | ૬૪ | ૧૩૯ |
| એએચપી | ૪૯ | ૯૫ |
| એનસીપી | ૩૦ | ૫૮ |
| શિવસેના | ૨૫ | ૪૨ |
| એએપી | ૨૨ | ૩૦ |
| અન્ય | ૧૭૦ | ૩૧૩ |
| કુલ | ૯૭૭ | ૧૮૨૮ |

<u>સૌથી વધુ ઉમેદવારો ક્યાં</u>

| | |
|---|---|
| મહેસાણા | ૩૪ ઉમેદવારો |
| જામનગર ગ્રામ્ય | ૨૭ ઉમેદવારો |
| બોટાડ | ૨૫ ઉમેદવારો |
| જામનગર ઉત્તર | ૨૪ ઉમેદવારો |
| વિરમગામ | ૨૨ ઉમેદવારો |

<u>સૌથી ઓછા ઉમેદવારો ક્યાં</u>

| | |
|---|---|
| ભીલોડા (એસટી) | ૨ ઉમેદવારો |
| આણંદ | ૩ ઉમેદવારો |
| મોરવા હડફ | ૩ ઉમેદવારો |
| ઝગડિયા (એસટી) | ૩ ઉમેદવારો |
| ગણદેવી (એસટી) | ૩ ઉમેદવારા |

### મહેસાણામાં સૌથી વધારે ૩૪ ઉમેદવારો

## જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં નોડલ ઓફિસરોની બેઠક યોજાઈ



પાટણ

પાટણ જિલ્લામાં તા. ૧૪ ડીસેમ્બરે વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ અંતર્ગત ચાર વિધાનસભા બેઠકો માટે યોજાનારા મતદાનના ઉપલક્ષમાં જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલની અધ્યક્ષતામાં નોડલ ઓફિસરોની બેઠક યોજાઈ હતી. જિલ્લામાં તા ૫ ડિસેમ્બરે પોસ્ટલ વોટીંગ ચાર વિભાગોમાં યોજાનાર છે. પોસ્ટલવોટિંગ માટે ચાર વિધાનસભા મતદાર વિભાગમાં કુલ મળી ૮,૫૨૬ પોસ્ટલ વોટીંગના ફોર્મ મળ્યા છે. જિલ્લામાં મતદાન પૂર્વે બીજા તબક્કાનો રેન્ડમાઈઝેશન હાથ ધરાનાર છે. મતદાતા જાગૃતિ માટે જિલ્લામાં વિવિધ જાગરૂકતા કાર્યક્રમ હેઠળ બાઈક રેલી અને ચિત્ર સ્પર્ધા યોજાઈ છે.તા. ૭ ડિસેમ્બરે મતદાન જાગૃતિ માટે મેરાથોન દોડ યોજાનાર છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ નોડલ અધિકા રીઓ સાથે વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી બેઠકમાં ચીફકો-ઓર્ડિનેટર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરુ, અધિક જિલ્લા કલેકટરશ્રી બી.જી. પ્રજાપતિ સહિત નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર વિધાનસભા બેઠક ઉપર અપક્ષ બે પક્ષને ભારે પડી શકે છે

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠક ઉપર કુલ ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે,જેમાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત નાના-નાના પક્ષ અને અપક્ષનો સમાવેશ થાય છે,જેમાં ભાજપમાંથી ટિકિટ ના મળતા અપક્ષમાં ઉમેદવારી નોંધાવનાર ડો.વિષ્ણુ ઝૂલા કોંગ્રેસ અને ભાજપ એમ બંનેને ભારે પડી શકે છે, ચોરાડ અને સાંતલપુર પંથક ઉપર તેમની મજબૂત પકડ તો છે જ સાથે સાથે રાધનપુર શહેરમાં પણ તેઓ પ્રમાણમાં સારા એવા મતો મેળવીને બંને રાષ્ટ્રીય પક્ષનું ગણિત ઊંધું વાળી શકે છે,માટે જ ભાજપ દ્વારા તેમને માનવાના પ્રયાસો આજે પણ ચાલુ છે,જો કે ડો.વિષ્ણુ ઝુલાએ ડી.જે.ના તાલે પોતાનો પ્રચાર પણ ચાલુ કરી દીધો છે, અને ગામે-ગામ લોકસંપર્ક કરીને બંને પક્ષના ઉમેદવારોની ઊંઘ હરામ કરી દીધી છે, ડો.વિષ્ણુ ઝુલાએ જણાવ્યું હતું કે તાજેતરમાં અતિવૃષ્ટિને કારણે લોકોમાં જબરજસ્ત નારાજગી છે,ઘણા ખેડૂતોને અપૂરતું તો ઘણાને વળતર મળ્યું જ નથી,આ ઉપરાંત રાધાનપુરને જિલ્લો બનાવવો,રાણકપુર-પીપરાળા મીઠા પાણીની પાઈપલાઈનનું નવીનીકરણ કરવું, રાધનપુર-સાંતલપુર અને સમી તાલુકામાં નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા જી.આઈ.ડી.સી.નું નિર્માણ કરવું, આ વિસ્તારને ટેક્સફ્રી જાહેર કરીને ઉદ્યોગો લાવવા જેવા અનેક પ્રશ્નો છે, જેના માટે સક્ષમ નેતાગીરીની જરૂર હોવાથી ઉમેદવારી નોંધાવી છે,આ વિસ્તારમાં શિક્ષિત, પ્રામાણિક અને તમામ લોકોને સાથે રાખીને ચાલી શકે તેવા ઉમેદવારની જરૂર હતી, નાના સમાજોની અવગણના પણ બંધ થવી જોઈએ તેવું તેમણે જણાવ્યું હતું.

## રાધનપુરમાં ઈદે મિલાદની ઉજવણી




રાધનપુરમાં પયગંબરના જન્મદિન ઈદે-મિલાદની ઉલ્લાસભેર વાતાવરણમાં મુસ્લિમ બિરાદરોએ ઉજવણી કરી હતી,સવારે નમાજ બાદ એક બીજાને ગળે મળીને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી,ત્યારબાદ જુલુસ કાઢવામાં આવ્યું હતું જેમાં મુસ્લિમ બિરાદરોએ ભાગ લીધો હતો,કુરાનમાં ઈદે-મિલાદને મૌલીદ માલવિદના નામથી પણ જાણવામાં આવે છે,જેનો મતલબ પયગંબરનો જન્મદિવસ થાય છે,આ દિવસે પયગંબરની વિચારોને સભાઓ યોજીને જાણવામાં આવે છે, અને પયગંબરના શિક્ષણ અને વિચારોને આ દિવસે સાંભળવામાં આવે તો જન્નતના દ્વાર ખુલી જતા હોય છે,માન્યતાઓ અનુસાર કહેવામાં આવે છે કે પયગંબર હજરત મહમ્મદનો જન્મ ઈસ્લામ કેલેન્ડર અનુસાર રબી-ઉલ-અવ્વલ મહિનાના ૧૨ માં દિવસે ૫૭૦ ઈ.માં મક્કામાં થયો હતો.

## હિંમતનગરના ગોકળપુરામાં સામાન્ય બાબતે મારમારતા પોલીસમાં રાવ

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ગોકળપુરા ગામે બે દિવસ અગાઉ ત્રણ જણાઓ ભેગા મળી રસ્તા પર થઈને નિકળવા બાબતે એક ઈસમ સાથે ઝઘડો કરી માર મારી ધમકી આપી જતાં રહેતાં, આ ત્રણે જણા ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે ગોકળપુરા ગામના કોકીલાબેન બળવંતસિંહ મકવાણાએ કરેલા આક્ષેપ મુજબ ગામના જ કિંશનસિંહ એમ.મકવાણા, ગોપાલસિંહ મકવાણા અને ચંપાબેન મકવાણાએ ભેગા મળીને કોકીલાબેન તેમના ઘરના નજીક રસ્તાં પરથી નિકળતા હતા ત્યારે તેની સાથે ઝઘડો કરી ત્રણે જણાએ મારમાર્યો હતો.

ચંપાબેન મકવાણાએ હુમલામાં સાથ આપીને બળવંતસીંહને માથામાં મારમારી ગડદા પાટુનો માર માર્યો હતો, ત્રણે જણાએ કોકીલાબેન તથા બળવંતસિંહ ને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાબતે ગત ગુરૂવારે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી.

# ધાનેરામાં રાજપુત સમાજનું મહાસંમેલન યોજાયું

**ધાનેરા વિધાનસભાના પાંથાવાડા ખાતે બળવંતસિંહ રાજપૂતના હસ્તે ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન**


(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા
ધાનેરા વિધાનસભા મતવિસ્તારના મુખ્ય વેપારી મથક પાંથાવાડા ખાતે ભાજપના ચૂંટણી કાર્યાલયનું જાણીતા ઉદ્યોગપતિ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ( જી.આઈ.ડી.સી. ) ના ચેરમેન બળવંતસિંહજી રાજપૂતના હસ્તે વિશાળ જન્મેદનીની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરાયું હતું.

ધાનેરા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર માવજી ભાઈ દેસાઈ ના દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ખાતે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું રવિવારે ઉદ્યોગપતિ અને

**માવજીભાઈ દેસાઈને જંગી બહુમતીથી જીતાડવા રાજપૂત સમાજના આગેવાનોની ખાતરી**

જી.આઈ.ડી.સી.ના ચેરમેન બળવંતસિંહ રાજપૂતના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતુ. જયારે આ પ્રસંગે સમગ્ર બનાસકાંઠા જિલ્લાના રાજપૂત સમાજનું મહાસંમેલન યોજાયું હતું. સંમેલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજના લોકોએ માવજીભાઈ દેસાઈ ને જંગી બહુમતીથી જીતાડવા એક સૂરે હાકલ કરી હતી. સમાજના આગેવાનોએ માવજીભાઈને વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે દાંતીવાડા તાલુકા પંચાયતનાં પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, ધાનેરા વિધાનસભાના સહ

અનુસંધાન પાના નં.૬

# લાખણીના ગેળા ધામે કૉંગ્રેસ કાર્યાલયનો શુભારંભ


નરસિંહ પ્રજાપતિ

**તમામ સમાજના આગેવાનોની ડી.ડી રાજપૂતને જીતાડવવાની અપીલ**

પ્રતિ. ગેળા
થરાદ વિધાનસભામાં કોગ્રેંસના ઉમેદવાર તરીકે તમામ સમાજમાં લોક ચાહના ધરાવતા ડી.ડી. રાજપુતને જાહેર કરાતાં કોગ્રેંસ તરફી માહોલ જામ્યો છે થરાદ વિધાનસભામાં આવતા પરંતુ લાખણી તાલુકામાં સમાવિષ્ટ ગેળા-ગણતા, લાલપુર-ટરૂવા-ભીમગઢ સહિતના ગામોમાં વસવાટ કરતા લોકોની સુભલતા અને સરળતા માટે ગેળા ખાતે કોગ્રેંસ કાર્યાલયનો શનિવારના રોજ હનુમાન દાદાના આર્શીવાદ સાથે

અનુસંધાન પાના નં.૬

# વાવ ખાતે ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિ. વાવ
ગઈકાલે તા.૩-૧૨-૧૭ને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્ટેડબેન્ક શાખા વાવની પાછળના ભાગમાં ભાજપના ઉમેદવાર અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના વરદસ્તે રીબીન કાપી ભાજપના ચૂંટણી કાર્યાલયને ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું.

જે પ્રસંગે મંત્રી એ રીબીન કાપતી વેળા એ શુભમૂહર્તમાં શાસ્ત્રી નવીનભાઈ પોપટલાલ ત્રિવેદી એ શાસ્ત્રોકત વિધી અને મંત્રોચ્ચાર સાથે મંત્રીને તિલક કરી વિજયીભવના આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મંત્રી શંકરભાઈ ચૌધરી એ વાવના વિકાસથી વાત કરતાં જણાવ્યું હતું કે વાવ બેઠક ઉપર વિકાસની ગાડી સડસડાટ ચાલી રહી છે વાવ તાલુકાના વિકાસના'ગ્રાફ'ને હું હર હમેંશા ઉંચો રાખીશ અગામી ૧૪ ડીસેમ્બરના રોજ કમળના નિશાન ઉપર બટન દબાવી વિજય અપાવા આહવાન કરાયું હતુ જે પ્રસંગે મંત્રીનું ઉદ્દકોમના લોકોએ ખેસ પહેરાવી સ્વાગત કર્યુ હતું તમામ ઉદ્દકોમનો પ્રેમ અને સહકાર જોઈ મંત્રીની આંખોમાં હર્ષના આસુ આવી ગયા. હતા સમગ્ર જનતા એક અવાજ સાથે'શંકરભાઈ તૂમ આ આગે બઢો' હમ તુમ્હારે સાથ હૈ ના નારા લગાવી સર્વત્ર કેશરીયો છવાઈ ગયો હતો.

# દિઓદર મત વિસ્તારમાં ભાજપ ઉમેદવાર કેશાજી ચૌહાણનો લોકસંપર્ક


(અશોક શેઠ)

તા.પ્રતિ. દિઓદર
દિઓદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને રાજય મંત્રી કેશાજી ચૌહાણ સમર્થકો સાથે મત વિસ્તારના ગામોનો ઝંઝાવાતી પ્રયાસ ખેડી રહ્યાં છે. ગઈકાલે રવિવારે તેમણે દિયોદર તાલુકાના જસાલી, સરદારપુરા (જ), કુંવારવા, ગોઢા, ગા-ંગોલ, ધનકવાડા, લીલાધર,

અનુસંધાન પાના નં.૬


## બેસણું


સ્વ.રણછોડભાઈ માધાજી પ્રજાપતિ
સ્વ.તા.૦૨/૧૨/૨૦૧૭, શનિવાર

અમારા પિતાશ્રી/ભાઈશ્રી રણછોડભાઈ માધાજી પ્રજાપતિ (રી.તલાટી) તા.૦૨/૧૨/૨૦૧૭ ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું તા.૦૪/૧૨/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : જુના બસસ્ટેન્ડની સામે, ગાયત્રી લોજની પાછળ, ડીસા, જિ.બ.કાં.
મો.૯૫૮૬૩૪૦૫૧૬, ૭૬૦૦૦૧૭૮૦૪

લિ.
હરેશભાઈ રણછોડભાઈ પ્રજાપતિ - પુત્ર
કસ્તુરભાઈ માધાજી પ્રજાપતિ - ભાઈ
કાળુભાઈ માધાજી પ્રજાપતિ - ભાઈ
જીતુભાઈ બાબુભાઈ પ્રજાપતિ - ભત્રીજો


# વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીનો લોકસંપર્ક


પુષ્કર ગોસ્વામી

**૧૫ ગામોના લોકોએ ફટાકડા ફોડી સ્વાગત કર્યુ**

તા.પ્રતિનિધિ વડગામ
વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીનો રવિવારે પંદર ગામોમાં લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. જયાં ગામે- ગામ લોકોએ ફટાકડા ફોડી, ફુલહાર- કુમકુમ તિલક દ્વારા ઉમેદવાર વિજય ચક્રવર્તી અને ભાજપના અગ્રણીઓનું વિશિષ્ટ સ્વાગત કરાયું હતું. તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે. રાણા, વિધાનસભા ઈનચાર્જ કેશરભાઈ જે. વાયડા (ચાંગા), માર્કેટયાર્ડ ચેરમેન કે.પી. ચૌધરી, બનાસડેરી ડિરેક્ટર ફલજીભાઈ વિ.પટેલ, પ્રદેશ કિસાન મોરચા મહામંત્રી ફલજીભાઈ પટેલ (સિસરાણા), તા. ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી સહિત તમામ મોરચા-સંગઠનોના કાર્યકરો, અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકસંપર્ક કાર્યક્રમનું સફળ સંચાલન ઉપપ્રમુખ અશ્વિનભાઈ

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજના ઉંબરી ગામે કિર્તિસિંહ વાઘેલાની જનસભા યોજાઈ


કિશોર પ્રજાપતિ

**ભાજપે દરબાર સમાજની કદર કરી હવે આપણો વારો : ભારતસિંહ ભટેસરીયા**

પ્રતિનિધિ થરા
કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાના સમર્થનમાં આયોજીત જનસભાને સંબોધતા જિલ્લા ભાજપ મહામંત્રી અને સ્ટાર પ્રચારક ભારતસિંહ ભટેસરીયાએ ભાજપને જીતાડવા આહવાન કર્યું હતું.

કાંકરેજ વિધાનસભા બેઠક ઉપર ભાજપના સર્વસંમત ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલા સમર્થકો સાથે મત વિસ્તારના ગામોનો ઝંઝાવાતી પ્રવાસ ખેડી રહ્યા છે. જયાં ગામેગામ તેમને અભૂતપૂર્વ આવકાર સાંપડી રહ્યો છે. ગઈકાલે તેમના સમર્થનમાં ઉંબરી ગામે જંગી જાહેરસભા યોજાઈ હતી. જે સભાને સંબોધતા ભારતસિંહ ભટેસરીયાએ જણાવ્યું હતું કે ભાજપ વિકાસને વરેલો પક્ષ છે. જેના થકી કાંકરેજ તાલુકામાં નર્મદાના નીર વહેતા થયા છે અને ખેડુતો સમૃધ્ધ

અનુસંધાન પાના નં.૬

**યુવા મોરચાની ટીમે કેક કાપી**

# વાવમાં શંકરભાઈના જન્મદિનની ઉજવણી


વિષ્ણુ પરમાર

**તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર : યુવા મોરચાના કાર્યકરોનો લલકાર**

(તા.પ્રતિ.) વાવ
ગઈકાલ તા. ૩/૧૨/૧૭ ના રોજ વાવ ખાતે શહેર ભાજપ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરીના જન્મ દિવસ પ્રસંગે યુવા મોરચાની ટીમે કેક કાપી તેમના જન્મ દિનની દબદબાભેર ઉજવણી કરી હતી.

જે પ્રસંગે વાવ રાણાસાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણ,

અનુસંધાન પાના નં.૬











